“ બુધવારની સાપ્તાહિક પૂર્તિ ”
ઉત્સવ

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-07 | AD-2026, Bhadarva Vad-12 | Wednesday, Dt.07-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### વિપક્ષી સાંસદોની ચૂંટણી પંચ સામે રેલી, પોલીસ સાથે ઘર્ષણ બાદ રાહુલ ગાંધી-પ્રિયંકા ગાંધી સહિત અનેક નેતાઓની અટકાયત

## સંસદથી ચૂંટણી ગૃહ સુધી વિપક્ષની ‘લોકશાહી બચાવો’ કૂચ

નવી દિલ્હી, તા.૦૬

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમાર સામે વિરોધ અને મતદાર યાદીમાં ફેરફારના આક્ષેપોને લઈને મંગળવારે વિપક્ષી સાંસદોએ સંસદથી ચૂંટણી ગૃહ તરફ ‘લોકશાહી બચાવો’ કૂચ યોજી હતી. દિલ્હી પોલીસે સંસદ માર્ગ પર નીતિ આયોગ અને આકાશવાણી ભવન વચ્ચે ભારે બેરિકેડ ગોઠવી કૂચને અટકાવી હતી. કૂચ અટકાવાયા બાદ રાહુલ ગાંધી રસ્તા પર ધરણા પર બેસી ગયા હતા. વિપક્ષે આક્ષેપ કર્યો હતો કે તેઓ શાંતિપૂર્ણ રીતે ચૂંટણી પંચની કચેરી સુધી જવા માગતા હતા, પરંતુ ભારે પોલીસ બંદોબસ્ત અને બેરિકેડના કારણે પરિસ્થિતિ તંગ બની હતી. પોલીસે રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી વાડ્રા, અખિલેશ યાદવ અને અભિષેક બેનર્જી સહિત અનેક સાંસદોની અટકાયત કરી હતી. તેમને બસમાં બેસાડવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ સાંસદોએ વિરોધ કર્યો હતો. ત્યારબાદ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી બસમાંથી ઉતરી આવ્યા હતા. રાહુલ ગાંધી અચાનક બેરિકેડ પર ચઢી ગયા અને ત્રિરંગો લહેરાવ્યો હતો. તેમની પાછળ અન્ય યુવા સાંસદો પણ બેરિકેડ પર ચઢ્યા હતા. વિપક્ષનો મુખ્ય આક્ષેપ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયાને લઈને છે. વિપક્ષના જણાવ્યા મુજબ, આ પ્રક્રિયાના કારણે મોટી સંખ્યામાં મતદારોનાં નામ મતદાર યાદીમાંથી દૂર કરવામાં આવ્યા છે. ઉપરાંત, ફોર્મ-૬ અને ફોર્મ-૭માં ફેરફારને લઈને પણ વિપક્ષે સવાલો ઉઠાવ્યા છે અને તેને ‘મત ચોરી’નું જોખમ ગણાવ્યું છે. રાહુલ ગાંધીએ



સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે લગભગ ૩૦૦ વિપક્ષી સાંસદો ચૂંટણી પંચને મળવા માંગે છે, પરંતુ તેમને કચેરી સુધી જવા દેવામાં આવતા નથી. તેમણે સવાલ કર્યો હતો કે મુખ્ય ચૂંટણી કમિશનર વિપક્ષી સાંસદોને મળતા કેમ નથી. તેમણે આરોપ લગાવ્યો હતો કે પોલીસ તેમને રોકી રહી છે અને ધમકી આપી રહી છે. દરમિયાન, ભાજપ સાંસદ જગદીશ શેટ્ટરે કોંગ્રેસના વિરોધને લઈને રાહુલ ગાંધી પર નિશાન સાધ્યું હતું. તેમણે કહ્યું હતું કે રાહુલ ગાંધી પાસે કોઈ મુદ્દો નથી, તેથી તેઓ આવા પ્રચારનો આશરો લઈ રહ્યા છે.




## વિશ્વ બેંકે ભારતના જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૬.૬%થી વધારીને ૭.૧% કર્યો

નવી દિલ્હી, તા.૦૬



વિશ્વ બેંકે ભારતના અર્થતંત્ર પર વિશ્વાસ વ્યક્ત કરતાં નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે જીડીપી વૃદ્ધિ દરનો અંદાજ ૬.૬%થી વધારીને ૭.૧% કર્યો છે. મંગળવારે જાહેર થયેલા ‘ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ’માં જણાવાયું છે કે મજબૂત સ્થાનિક માંગ અને સુધારેલી નિકાસને કારણે ભારતીય અર્થતંત્રનો વિકાસ ચાલુ રહેવાની શક્યતા છે. વૈશ્વિક ઊંચા વ્યાજદર, મોંઘા ક્રૂડ ઓઈલ અને બજારની અસ્થિરતા જેવા પડકારો છતાં ભારતે મજબૂત સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. જોકે, વિશ્વ બેંકે ક્રૂડ ઓઈલના ભાવમાં વધારો, અલ નીનો અને શેરબજારમાં સંભવિત ઘટાડાને અર્થતંત્ર માટે જોખમ ગણાવ્યાં છે. આ પરિબળો વિદેશી રોકાણ અને મૂડી પ્રવાહને અસર કરી શકે છે. અહેવાલમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને ભારત માટે મહત્વની તક ગણાવવામાં આવી છે. ભારતમાં ખાનગી એઆઈ રોકાણ ૨૦૨૪માં ૧.૨ અબજ ડોલરથી વધીને ૨૦૨૫માં ૪.૧ અબજ ડોલર થયું છે. વિશ્વ બેંકે એઆઈ માળખું મજબૂત બનાવવા, વ્યવસાયિક વાતાવરણ સુધારવા અને કર્મચારીઓને નવી ટેક્નોલોજી માટે તૈયાર કરવાની જરૂરિયાત પર ભાર મૂક્યો છે.















# ICAના ડિરેક્ટર બન્યા બાદ દિલીપભાઈ સંઘાણીની દર્શન હોટેલ ખાતે શુભેચ્છા મુલાકાત

**સહકારી ક્ષેત્રના વિકાસ અને મજબૂતી અંગે આગેવાનો સાથે સૌજન્યપૂર્ણ ચર્ચા**

અમરેલી, તા.૦૬

ICAના ડિરેક્ટર તરીકે નવી જવાબદારી સંભાળ્યા બાદ સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપભાઈ સંઘાણીએ અમરેલીની દર્શન હોટેલ એન્ડ રેસ્ટોરન્ટ ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ પ્રસંગે દર્શન હોટેલના યુવા સંચાલકો કેયુર રૈયાણી તથા દર્શન રૈયાણી દ્વારા તેમનું અભિવાદન કરી શુભેચ્છા પાઠવવામાં આવી હતી. પૂર્વ સાંસદ નારણભાઈ કાછડિયા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, લેઉવા પટેલ ચેરિટેબલ ટ્રસ્ટના પ્રમુખ ડી.કે. રૈયાણી, ઉદ્યોગપતિ કાળુભાઈ ભંડેરી, કાંતિભાઈ વઘાસિયા, યુવા અગ્રણી રાજેશ માંગરોળિયા, દિપકભાઈ માલાણી, જયંતિભાઈ પાનસુરીયા, મેહુલ બાબરીયા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન સહકારી ક્ષેત્રના વિકાસ અને તેને વધુ મજબૂત બનાવવા અંગે ચર્ચા થઈ હતી. આ પ્રસંગે દિલીપભાઈ સંઘાણીએ લેઉવા પટેલ સમાજના આગેવાનો સાથે દર્શન રેસ્ટોરન્ટમાં ભોજન પણ લીધું હતું. ઉપસ્થિત આગેવાનોએ નવી જવાબદારી બદલ અભિનંદન પાઠવ્યા હતા. દિલીપભાઈ સંઘાણીએ સૌના સ્નેહ, શુભેચ્છા અને અભિનંદન બદલ આભાર વ્યક્ત કરી સહકારી ક્ષેત્રના હિતમાં સતત કાર્યરત રહેવાની પ્રતિબધ્ધતા વ્યક્ત કરી હતી.







# અમરેલી જિલ્લા કોંગ્રેસની ઓબીસી વિભાગની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ

અમરેલી,તા.૦૬

અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી વિભાગના નવનિયુક્ત ચેરમેન વિજયભાઈ ઝાપડિયાના અધ્યક્ષસ્થાને રવિવારે સર્કિટ હાઉસ ખાતે ઓબીસી સમાજના આગેવાનો તથા કોંગ્રેસના પીઢ કાર્યકરોની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પીઢ આગેવાન ટીકુભાઈ, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય તથા પૂર્વ ઓબીસી ચેરમેન નારણભાઈ મકવાણા, અમરેલી જિલ્લા સમાજ અગ્રણી રવજીભાઈ મકવાણા, લાઠી વિસ્તારના અગ્રણી પ્રકાશભાઈ સાંકળિયા, રાકેશભાઈ ગોહિલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ઓબીસી સમાજને વધુ મજબૂત સંગઠિત કરવા તેમજ કોંગ્રેસ પક્ષના સંગઠનને જિલ્લા કક્ષાએ વધુ મજબૂત બનાવવા અંગે મહત્વપૂર્ણ ચર્ચા થઈ હતી. પક્ષ માટે સક્રિય કામગીરી કરવા ઈચ્છતા આગેવાનો તેમજ યુવાનોને સંગઠનમાં યોગ્ય તક અપાશે.



# અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાએ રાત્રે નવા બનતા રોડનું સરપ્રાઈઝ ચેકિંગ કર્યું

અમરેલી, તા.૦૬

અમરેલી નગરપાલિકાના પ્રમુખ વૈશાલીબેન માંગરોળિયાએ શહેરના હરિ રોડ પર ચાલી રહેલા રોડનાં કામની ગુણવત્તા ચકાસવા રાત્રિના સમયે ખુદ સ્થળ પર પહોંચી સરપ્રાઈઝ ચેકિંગ કર્યું હતું. રાત્રે આશરે ૧૧:૩૦ વાગ્યે હરિ રોડ પર પહોંચેલા પ્રમુખે રોડની કામગીરીનું સ્થળ પર નિરીક્ષણ કર્યું હતું. રોડની જાડાઈ અને ગુણવત્તા ચકાસવા માટે તેમણે મેઝર ટેપથી જાતે માપણી પણ કરી હતી. ઉપરાંત હરિ રોડના વેપારીઓ સાથે સીધી વાતચીત કરી રોડનાં કામ અંગે તેમનો અભિપ્રાય જાણ્યો હતો. અધિકારીઓ કે કર્મચારીઓના અહેવાલ પર આધાર રાખવાને બદલે પ્રમુખે જાતે સ્થળ પર પહોંચી કામગીરીની ચકાસણી કરતાં વેપારીઓએ સંતોષ વ્યક્ત કર્યો હતો. લાંબા સમય બાદ હરિ રોડનું કામ શરૂ થતાં વેપારીઓમાં ખુશી જોવા મળી રહી છે.



# કવિ સ્નેહી પરમારના ગઝલસંગ્રહનું પરિવારજનોના હસ્તે વિમોચન

બગસરા,તા.૦૬

ગુજરાતના જાણીતા કવિ સ્નેહી પરમારના ચતુર્થ પુસ્તક 'ઝાંઝરી જળમાં ઝબાક્ ડૂબી'નું તેમના પરિવારજનોના હસ્તે વિમોચન કરાયું હતું. આ પ્રસંગે સાહિત્યકારો, કલાકારો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. શાંતિલાલ પરમારે સહુનું સ્વાગત કર્યું હતું. જાણીતા કવિઓ શવજી રૂખડા, હરજીવન દાફડા અને જિત ચુડાસમા તેમજ અન્ય અગ્રણીઓએ કવિની ગઝલની વિશિષ્ટતા, સર્જન પ્રક્રિયા અને વ્યક્તિત્વ વિશે પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.


તસવીર : હાર્દિક બામટા

# અમરેલીમાં આજે 'સેવા જ્યોતિ યાત્રા' અંતર્ગત બાઈક રેલી અને પદયાત્રા યોજાશે

અમરેલી,તા.૦૬

અમરેલીમાં વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જનસેવાના ૨૫ વર્ષ પૂર્ણ થવાની ઉજવણી રૂપે ૭ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ 'સેવા જ્યોતિ યાત્રા'નું આયોજન કરવામાં આવ્યું છે. વિદ્યાસભા કેમ્પસ, લાઠી રોડ ખાતે સવારે ૯.૦૦ કલાકે કાર્યક્રમ શરૂ થશે. સવારે ૧૧.૧૦ વાગ્યે મુખ્ય સમારોહ બાદ પદયાત્રા અને બાઈક રેલીનું પ્રસ્થાન થશે. પદયાત્રા વિદ્યાસભા સંકુલથી શરૂ થઈ કોલેજ સર્કલ અને મેડિકલ કોલેજ થઈ સરદાર પટેલ સર્કલ (ફોરવર્ડ સર્કલ) ખાતે પૂર્ણ થશે.

બીજા રૂટની બાઈક રેલી વિદ્યાસભાથી કોલેજ સર્કલ, રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, રાજકમલ ચોક અને નાગનાથ મંદિર થઈ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના મેદાનમાં સમાપ્ત થશે. આ રેલીમાં વિવિધ તાલુકાઓથી આવેલા સ્વયંસેવકો અને સેવા જ્યોતિ રથ જોડાશે.

# દામનગરમાં નવરાત્રિ પૂર્વે ઉબડખાબડ રસ્તાઓની મરામતની માંગ

દામનગર,તા.૦૬

દામનગર શહેરમાં નવરાત્રિ પૂર્વે ઉબડખાબડ અને ખાડાવાળા રસ્તાઓની તાત્કાલિક મરામત કરવા પ્રજામાંથી માંગ ઉઠી છે. શહેરમાં વિકાસ માટે કરોડોની ગ્રાન્ટની ફાળવણી થતી હોવા છતાં રસ્તાઓની મરામતમાં ઢીલ રાખવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. મુખ્યમંત્રી જેવા મહાનુભાવોના આગમન સમયે રાતોરાત રસ્તાઓ સુધારી દેવામાં આવતા હોય તો સામાન્ય પ્રજાની સમસ્યાનો સમયસર ઉકેલ કેમ નહીં, તેવો સવાલ પણ ઉઠી રહ્યો છે. સરદાર સર્કલથી સહકારી મંડળી, અજમેરા શોપિંગ સેન્ટર, રાભડા રોડ ચોકડી, નવા બસ સ્ટેન્ડ તથા છભાડિયા રોડ સુધીના માર્ગો વાહનચાલકો અને રાહદારીઓ માટે મુશ્કેલીરૂપ બન્યા છે. પ્રાથમિક સમસ્યાઓનો સમયમર્યાદામાં ઉકેલ આવે તે જરૂરી છે. વિકાસ અને સેવા સંકલ્પની વાતો વચ્ચે રસ્તાની હાલત સુધારવા તંત્ર ક્યારે પગલાં લેશે તે ચર્ચાનો વિષય બન્યો છે.



# સાવરકુંડલાના શ્રી મહિલા અધ્યાપન મંદિરમાં વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો

સાવરકુંડલા,તા.૦૬

નશાબંધી અને આબકારી વિભાગ, અમરેલી દ્વારા સાવરકુંડલાના મહિલા અધ્યાપન મંદિર ખાતે વિશેષ વ્યસન મુક્તિ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જી.ઓ.જી. ટીમ, સમાજ સુરક્ષા વિભાગ અને મહિલા મંડળના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. યુવા પેઢીમાં જાગૃતિ ફેલાવવાના હેતુથી યોજાયેલા આ કાર્યક્રમમાં તાલીમાર્થી બહેનો માટે ગરબા અને ચિત્ર સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં બહેનોએ કલાત્મક પ્રસ્તુતિ દ્વારા નશાબંધીનો સશક્ત સંદેશ આપ્યો હતો. વિજેતા બહેનોને મહાનુભાવોના હસ્તે ટ્રોફી, ઈનામ અને પ્રમાણપત્ર આપી પ્રોત્સાહિત કરાયા હતા. કાર્યક્રમના અંતે ઉપસ્થિત સૌ લોકોએ જીવનભર વ્યસનમુક્ત રહેવાના શપથ લીધા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન આચાર્ય બાબુભાઈ ચાવડાએ કર્યું હતું તથા શૈલેષભાઈ ખિમસુરિયાએ આભાર વિધિ સંપન્ન કરી હતી.



# રાજુલામાં પ્રજાપતિ કુંભાર સમાજનો વિદ્યાર્થી સન્માન અને સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો

રાજુલા,તા.૦૬

રાજુલા તાલુકા પ્રજાપતિ સંઘ શિક્ષણ સમિતિ દ્વારા સમસ્ત પ્રજાપતિ કુંભાર સમાજનો તેજસ્વી વિદ્યાર્થી સન્માન સમારોહ અને સ્નેહમિલન કાર્યક્રમ પ્રકાશભાઈ ટાંકના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમના પ્રારંભે અમૃતભાઈ આંબલીયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું અને બાળાઓએ સ્વાગત ગીત રજૂ કર્યું હતું. આ પ્રસંગે સમાજના શ્રેષ્ઠીઓ, વિવિધ દાતાઓ તથા ગોપાલ દાદા શાસ્ત્રીનું સન્માન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ભુપતભાઈ પાંડવ દ્વારા કરવામાં આવ્યું હતું. લાઈવ પ્રસારણ માટે વાઘેલા આર્ટના મનસુખભાઈ વાઘેલા તેમજ સાઉન્ડ સેવા માટે શિવ સાઉન્ડનું ખાસ બહુમાન કરાયું હતું.












# લાઠીની મુખ્ય બજારમાં રખડતા ઢોરના ત્રાસથી વેપારીઓએ આંદોલનની આપી ચીમકી

લાઠી, તા.૦૬

અમરેલી જિલ્લાના લાઠી શહેરમાં મુખ્ય બજારમાં રખડતા અને રઝળતા ઢોરના સતત વધતા જતાં ઉપદ્રવને કારણે સ્થાનિક વેપારીઓ તેમજ સામાન્ય નાગરિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. અવારનવાર રસ્તા પર ઢોરની આખલાયુધ્ધ અને રખડતા પશુઓને કારણે જંગમ મિલકતોને નુકસાન થવાની સાથે સાથે શારીરિક ઈજાઓ અને જીવલેણ અકસ્માતોની ઘટનાઓ વ્યાપક બની ગઈ છે.


તસવીર :જગદીશ ખેર

આ ગંભીર સમસ્યાના કાયમી નિકાલ માટે 'લાઠી શહેર સમસ્ત વેપારી મંડળ' દ્વારા નાયબ કલેક્ટર ને લેખિત રજૂઆત કરી કડક આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. નાગરિક અધિકાર પત્ર હેઠળ નિર્ધારિત સમયમર્યાદામાં આ રખડતા પશુઓને તાત્કાલિક પકડી યોગ્ય સ્થળે ખસેડવા અને આ અસહ્ય ત્રાસમાંથી વેપારીઓ તથા નાગરિકોને મુક્તિ અપાવવા ઉગ્ર માંગ કરવામાં આવી છે. જો નિયત સમયમાં આ સમસ્યાનો સંતોષકારક ઉકેલ નહીં આવે તો સમગ્ર વેપારી મંડળ દ્વારા આગામી સમયમાં સખત વિરોધ પ્રદર્શન કરવાની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# રાજુલામાં સોલાર પેનલ અપાવવાના નામે વેપારી સાથે રૂ. ૧૯ લાખની છેતરપિંડી

રાજુલા, તા.૦૬

રાજુલામાં સોલાર પેનલનો સામાન સપ્લાય કરવાના બહાને એક વેપારી સાથે લાખો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હોવાનો કિસ્સો સામે આવ્યો હતો. આ મામલે પોલીસે છ આરોપીઓ સામે વિશ્વાસઘાત અને ઠગાઈનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. ભાવેશભાઈ મંગળભાઈ શિયાળ (ઉ.વ.૪૨) એ સ્નેહા - રહે.મુંબઇ, કુલદીપ પટેલ - રહે.સુરત, રવિન્દ્ર પાટીલ - રહે.મુંબઈ, આયુશ ઉપાધ્યાય - રહે.મુંબઈ, મહેશ ઠાકુર - રહે.મુંબઈ, રાહુલ દીલીપરાવ અહેર - રહે.મુંબઈ સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીઓએ એકબીજા સાથે મેળાપીપણામાં તેમનો સંપર્ક કર્યો હતો. જેમાં તેમને વિશ્વાસમાં લઈ જણાવ્યું હતું કે તેમની 'સનરૂટ એનર્જી સોલ્યુશન' કંપની પાસેથી સોલાર પેનલનો માલ ખરીદો. ત્યારબાદ અન્ય આરોપીઓએ પણ સોલાર પેનલ પહોંચાડવાની ખાતરી આપી ફરિયાદીનો ભરોસો જીત્યો હતો. સોલાર પેનલના બિલ પેટે તેમની પાસેથી તબક્કાવાર જુદા જુદા બેંક ખાતાઓમાં કુલ રૂ. ૨૪,૨૧,૦૦૦ જમા કરાવી લીધા હતા. નાણાં મેળવી લીધા બાદ માલ મોકલવા અંગે માત્ર વાયદાઓ જ કરવામાં આવ્યા હતા, પરંતુ સોલાર પેનલ મોકલી નહોતી. તેમણે નાણાંની ઉઘરાણી કરતાં આરોપીઓ પૈકી ત્રણ શખ્સોએ રોકડા રૂ. ૫૦,૦૦૦ પરત આપ્યા હતા અને અન્ય એક આરોપીએ ફોન-પે મારફતે રૂ. ૧૧,૦૦૦૦ ટ્રાન્સફર કર્યા હતા. આમ, આંશિક રકમ ચૂકવ્યા બાદ પણ બાકી નીકળતા રૂ. ૧૯,૦૦,૦૦૦ ની રકમ પરત ન કરી તેમજ સોલાર પેનલનો માલ પણ ન પહોંચાડી, તમામ છ આરોપીઓએ એકબીજાની મદદગારીથી તેમની સાથે વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરી હતી.

# સા.કુંડલલાની જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનો જિલ્લા કક્ષાએ ડંકો

સાવરકુંડલા,તા.૦૬



સાવરકુંડલાની શ્રી જે.વી. મોદી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓએ જિલ્લા કક્ષાની નાટક અને રંગોળી સ્પર્ધામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ હતું.

'વિકસિત ભારત' અંતર્ગત બાલ વિજ્ઞાન ભવન અમરેલી દ્વારા યોજાયેલી સ્પર્ધામાં 'દરિયાઈ પ્રદૂષણ' વિષય પર નાટક રજુ કરાયું હતું. રંગોળી સ્પર્ધામાં વિદ્યાર્થી બગડા સજલે પણ ઉત્કૃષ્ટ રજુઆત કરી હતી. વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અપાયા હતા. શિક્ષકો નીતિનભાઈ સાવજ અને હિતેશભાઈ સોઢીયાએ માર્ગદર્શન આપ્યું હતું. શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા.

# લાઠીના સરકારી પીપળવાના વેપારી સાથે મકાઈના સોદામાં રૂ. ૫.૩૯ લાખની છેતરપિંડી

લાઠી, તા.૦૬

લાઠી તાલુકાના સરકારી પીપળવા ગામે સોશિયલ મીડિયા પર મકાઈના વેચાણની આકર્ષક જાહેરાત મૂકી ખેડૂત/વેપારી પાસેથી લાખો રૂપિયા પડાવી લઈ માલ ન મોકલી વિશ્વાસઘાત અને છેતરપિંડી આચરાઈ હોવાની પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. વિપુલભાઈ જેઠાભાઈ ભંડેરી (ઉ.વ.૪૫)એ રાજુભાઈ ધુલીયા (મહારાષ્ટ્ર) વાળા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપીએ ફેસબુક પર મકાઈની લે-વેચ માટેની એક જાહેરાત મૂકી હતી, જેમાં તેણે પોતાનો મોબાઈલ નંબર દર્શાવ્યો હતો. આ જાહેરાત જોઈને તેમણે તે નંબર પર સંપર્ક કર્યો હતો. વાતચીત દરમિયાન આરોપીએ મકાઈ રૂબરૂ જોવા માટે તેમને મહારાષ્ટ્રના ધૂલીયા ખાતે બોલાવ્યા હતા. જેથી ફરિયાદીએ તેમના પુત્ર અક્ષય તથા તેના બે મિત્રોને ધૂલીયા ખાતે માલની ખાતરી કરવા માટે મોકલ્યા હતા. જ્યાં મકાઈનો સ્ટોક જોયા બાદ માલ પસંદ આવતાં તેમની આરોપી પાસેથી કુલ ૩૦ ટન મકાઈ રૂ. ૫,૪૦,૦૦૦ ના ભાવે ખરીદવાનું નક્કી કર્યું હતું.સોદો પાકો થયા બાદ ખરીદેલી મકાઈ પેટે તેમણે બાના પેટે રોકડા રૂ. ૫,૦૦૦, આંગડિયા મારફતે રૂ. ૪,૩૯,૧૦૦ તેમજ જુદી જુદી વ્યક્તિઓના ખાતામાંથી ઓનલાઈન ટ્રાન્સફર મારફતે રૂ. ૯૫,૦૦૦ મળી કુલ રૂ. ૫,૩૯,૧૦૦ ચૂકવી આપ્યા હતા. પૂરેપૂરી રકમ મેળવી લીધા બાદ આરોપીએ ખરીદેલી ૩૦ ટન મકાઈ સરકારી પીપળવા મોકલી નહોતી. તેમના દ્વારા અવારનવાર ફોન કરીને મકાઈની ઉઘરાણી કરવામાં આવતાં આરોપી માત્ર ખોટા વાયદાઓ કરીને સમય પસાર કરતો રહ્યો હતો. આખરે માલ કે લીધેલા નાણાં પરત ન આપી આરોપીએ તેમની સાથે ઠગાઈ કરી હોવાનો અહેસાસ થતાં પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

# રાજુલાની બે દીકરીઓએ સિલ્વર અને ગોલ્ડ મેડલ જીતી ગૌરવ વધાર્યું

રાજુલા,તા.૦૬

૯મી ગુજરાત સ્ટેટ ટેકવૉન્ડો ટુર્નામેન્ટમાં બંને દીકરીઓએ રાજુલા અને અમરેલી જિલ્લાનું નામ રોશન કર્યું. અમદાવાદ ખાતે તા.૨ ઓક્ટોબરે યોજાયેલી ૯મી ગુજરાત સ્ટેટ ટેકવૉન્ડો ટુર્નામેન્ટ ગર્લ્સ-૨૦૨૬માં રાજુલાની ટવિશા નીરજકુમાર રાયચાએ ૨૪ કિલો વર્ગમાં દ્વિતીય સ્થાન મેળવી સિલ્વર મેડલ મેળવ્યો, જ્યારે ક્ષીરસા ત્રિવેદીએ ૨૨ કિલો વર્ગમાં પ્રથમ સ્થાન મેળવી ગોલ્ડ મેડલ જીત્યો. જોગાનુજોગ બંનેના પપ્પાનું નામ નીરજભાઈ છે. બંને માસ્ટર કપિલ સરના માર્ગદર્શન હેઠળ તાલીમ લે છે. પરિવારજનોમાં ખુશી છવાઈ છે.


તસવીર : ગોપાલ રાઠોડ

# વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સમાં ગજેરા કેમ્પસના ખેલાડીઓએ ગોલ્ડ અને બ્રોન્ઝ મેડલ જીત્યા

**કલેક્ટર દ્વારા બંને યુવા રમતવીરોનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરાયા**

અમરેલી,તા.૦૬

ગોવા ખાતે યોજાયેલી ૩૭મી વેસ્ટ ઝોન જુનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ-૨૦૨૬માં ગજેરા કેમ્પસ – વિદ્યાસભા, અમરેલી સંચાલિત જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલના બે ખેલાડીઓએ મેડલ જીતી અમરેલીનું ગૌરવ વધાર્યું છે. સ્પર્ધામાં નકુમ માર્ગી (U-18) એ ૪૦૦ મીટર દોડમાં ૧:૦૧ સેકન્ડના સમય સાથે ગોલ્ડ મેડલ મેળવ્યો હતો, જ્યારે વાઘેલા કિશન (U-14) એ ટ્રાયથ્લોન-છ ઈવેન્ટમાં ૧૯૧૩ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો હતો. આ નોંધપાત્ર સિધ્ધિ બદલ અમરેલી જિલ્લા કલેક્ટર દ્વારા બંને યુવા રમતવીરોનું સન્માન કરી તેમને પ્રોત્સાહિત કરાયા હતા. આ સફળતામાં સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાનું માર્ગદર્શન, ઉત્તમ આધુનિક સુવિધાઓ અને કોચિંગ સ્ટાફની મહેનત નિર્ણાયક રહી છે.



# સા.કુંડલામાં સ્વામિનારાયણ ગુરુકુળ ખાતે ૩૫૧મો વિનામૂલ્યે નેત્રયજ્ઞ સંપન્ન

સાવરકુંડલા,તા.૦૬



સાવરકુંડલામાં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ દ્વારા દર મહિનાના પ્રથમ શુક્રવારે આયોજિત થતા વિનામૂલ્યે નેત્ર નિદાન કેમ્પ અંતર્ગત ૨ અક્ટોબરના રોજ પ. પૂ. શાસ્ત્રી સ્વામી જ્ઞાનપ્રસાદદાસજી સ્વામીની સ્મૃતિમાં ૩૫૧મા વિનામૂલ્યે મહા નેત્ર નિદાન યજ્ઞ યોજાયો હતો. આ નેત્રયજ્ઞનો પ્રારંભ સંસ્થાના વડા પ. પૂ. શાસ્ત્રી ભગવતપ્રસાદદાસજી સ્વામીના આશીર્વાદ સાથે થયો હતો. કાર્યક્રમનું દીપ પ્રાગટ્ય અમેરિકા (ડલાસ)ના મુખ્ય દાતા ભારતીબેન મનુભાઈ કોરડીયા, વિરનગર હોસ્પિટલના નિષ્ણાત ડોક્ટરો, ગુરુકુળ હોસ્પિટલના ડૉ. નિલેશભાઈ ત્રિવેદી તેમજ અન્ય મહાનુભાવોના હસ્તે કરવામાં આવ્યું હતું. કેમ્પમાં કુલ ૭૦ દર્દીઓની આંખોની તપાસ કરવામાં આવી હતી. જેમાંથી ૨૨ દર્દીઓને મોતિયાના ઓપરેશનની જરૂરિયાત જણાતા, તેઓને ગુરુકુળ દ્વારા વિરનગર આંખની હોસ્પિટલ ખાતે સંપૂર્ણ વિનામૂલ્યે ઓપરેશન સારવાર અર્થે મોકલવામાં આવ્યા હતા. આ ઉપરાંત, જરૂરિયાતમંદ દર્દીઓને સંસ્થા તરફથી વિનામૂલ્યે ચશ્મા તથા જરૂરી દવાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## લીલીયાના મહે. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક સાહેબની કોર્ટ, મુ.લીલીયા

ફોજદારી પરચુરણ અરજ નં.૬૦/૨૬
મુદત તારીખ :૦૩/૧૧/૨૦૨૬

અરજદાર : નિતીનભાઈ મગનભાઈ મહેતા, ઉ.વ.૫૬
મુ.ક્રાકચ તા.લીલીયા જી.અમરેલી

વિરૂધ્ધ :-

સામાવાળા : (૧) તલાટી કમ મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
જન્મ મરણ અધિકારીશ્રી-ક્રાકચ
મુ.ક્રાકચ, તા.લીલીયા જી.અમરેલી

અરજદારના વકીલ : એન.પી.હેલૈયા

**જાહેર નોટીસ**

આથી તમામ લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે, ઉપરોકત કામે અરજદારના વકીલ શ્રી એન.પી.હેલૈયા મારફત અરજદાર નીતીનભાઈ મગનભાઈ મહેતા રહે. મુ.ક્રાકચ તા.લીલીયા મોટા જી.અમરેલી વાળાએ તેમના બહેન પ્રફુલાબેનની જન્મ તારીખ : ૧૭/૦૯/૧૯૭૪ના રોજ ક્રાકચ મુકામે થયેલ છે તે અંગેની નોંધ કરાવવા હુકમ મેળવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ હોય, તો ઉપરોકત અરજી સામે જો કોઈને વાંધો-તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા :૦૩/૧૧/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૪૫ કલાકે બીનચુક હાજર રહેવુ, તેમ કરવામાં કસુર કર્યે આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આજ રોજ તારીખ ૦૫ માહે ઓકટોબર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીકકો કરી આપ્યા.

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (કોર્ટનો સિક્કો) | હુકમથી |
|---|---|---|---|
| સહી | સહી | | સહી |
| (એસ.જે.મકવાણા) | (જે.પી.મકવાણા) | | (એ.એસ.દવે.) |
| આસીસ્ટન્ટ | બેન્ચ કલાર્ક | | રજીસ્ટાર<br>જયુ.મેજી.ફ.ક.કોર્ટ, લીલીયા |

## નામ બદલાવેલ છે

હું આથી જાહેર કરનાર, તૌફીકઅહેમદ બાબુભાઈ પઠાણ મારું જૂનું નામ : તૌફીઅહેમદ બાબુભાઈ પઠાણ થી બદલી ને નવું નામ :- તૌફીકઅહેમદ બાબુભાઈ પઠાણ કરવામાં આવ્યું છે. તેથી હું તૌફીકઅહેમદ બાબુભાઈ પઠાણ તરીકે ઓળખાવ છું
સહી :- તૌફીકઅહેમદ બાબુભાઈ પઠાણ
સરનામું :- સેતાપાટી, લાઠી, અમરેલી,
જી: અમરેલી, ગુજરાત - ૩૬૫૪૩૦

## ખડખડ પ્રાથમિક શાળા - ખડખડ

તા. કુંકાવાવ, જી. અમરલી

**જાહેર હરરાજી**

આથી રસ ધરાવતા વ્યક્તિઓને જણાવવાનું કે કુંકાવાવ તાલુકાની ખડખડ પ્રાથમિક શાળાનો જર્જરિત ઈમલો હરરાજીથી ખરીદવા રસ ધરાવતા ઈસમોને જાણ કરવામાં આવે છે કે ખડખડ પ્રાથમિક શાળા ખાતે નળીયાવાળા બે (૨) રૂમ મ.ભ.યો. તથા સેનીટેશન બ્લોક જે તે સ્થિતિમાં ફક્ત ઈમલા (કાટમાળ) ની જાહેર હરરાજી તા. ૧૪/૧૦/૨૦૨૬ ને બુધવારના રોજ બપોરના ૩-૦૦ કલાકે જુની શાળાના મેદાનમાં ખડખડ તા. કુંકાવાવ, જી. અમરલી રાખવામાં આવેલ છે. ઈમલા (કાટમાળ)ની સ્થિતિ કચેરી સમય દરમ્યાન જોઈ શકાશે રસ ધરાવતા ઈસમોએ હરતોને આધિન સ્વ ખર્ચે હરરાજીમાં ભાગ લેવા જાહેર નિવેદન કરવામાં આવે છે. સદર ઈમલાના નિયમો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

નોંધ : પુરા ઈમલાની અપસેટ કિંમત રૂ. ૫૧૯૪/- (પાંચ હજાર એકસો ચોરાણું પુરા) છે.

| ડેર રાવતભાઈ એન. | પાઘડાળ ઉર્વશીબેન બી. |
|---|---|
| સભ્ય સચિવ, | અધ્યક્ષ, |
| એસ.એમ.સી. | એસ.એમ.સી. |
| ખડખડ પ્રાથમિક શાળા - ખડખડ | ખડખડ પ્રાથમિક શાળા - ખડખડ |




શું તમને સાંભળવાની તકલીફ છે ?
નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીન ઉપલબ્ધ : વોટરપ્રુફ
રિચાર્જેબલ | બ્લુટૂથ ટેકનોલોજી | AI ટેકનોલોજી
બેસ્ટ સાઉન્ડ કવોલિટી | વ્યાજબી કિંમત
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363




અમારે ત્યાંથી સ્ટાન્ડર્ડ કંપનીના ટાયર-ટ્યુબ - ઓઈલ-ગ્રીસ
વ્હીલ - પ્લેટ - ઘરા - જેક - પાના-પકડ - વગેરે હોલસેલ - રીટેઈલ મળશે.
ફોરવ્હીલ કાર માટે 3D-એલાઈમેન્ટ - ડીઝીટલ હાઈસ્પીડ બેલેન્સીંગ,
ટાયર ફીટીંગ - નાઈટ્રોજન એર - એક જ જગ્યાએ તમામ સર્વીસ ઉપલબ્ધ
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી.
લાઠી બાયપાસ રોડ, સફારી પાર્ક, ટોયોટા શો-રૂમ પાસે, અમરેલી.


## -//મામલતદાર અને એકઝિકયુટીવ મેજીસ્ટ્રેટ, સાવરકુંડલા//-

**રૂબરૂ સુનાવણી નોટીસ**

નં.જન્મ/મરણ નોંધણી/ અરજી નં.૧૭૩/૨૦૨૬ — તા.૨૫/૦૫/૨૦૨૬

અરજદારશ્રી:- ૧. ગોઠડીયા રામજીભાઈ મોહનભાઈ
રહે.એ.૧૮, નિધી પાર્ક સોસાયટી, રતનબા વિદ્યાલયની બાજુમાં,
ઠક્કરબાપાનગર, અમદાવાદ

-//વિરૂધ્ધ//-

સામાવાળા:- ૧. તલાટી કમ મંત્રીશ્રી પિયાવા, તા.સાવરકુંડલા

**જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જન્મની નોંધ કરાવવા રૂબરૂ સુનાવણીની નોટીસ**

આથી તમો પક્ષકારોને આ નોટીસ આપી સુચીત કરવામાં આવે છે કે, અરજદારશ્રી રામજીભાઈ મોહનભાઈ ગોઠડીયાનો જન્મ તા.૦૧/૦૧/૧૯૬૨ ના રોજ મુ.પિયાવા, તા. સાવરકુંડલા, જી.અમરેલી મુકામે થયેલ. પરંતુ, કાયદાની અજ્ઞાનતાના કારણે તેઓના જન્મની નોંધ ગ્રામ પંચાયત રેકર્ડ દફતરે કરવાની રહી ગયેલ હોઈ, જન્મની નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ અરજી અન્વયે રૂબરૂ સુનાવણી મુદત તા.૨૪/૦૬/૨૦૨૬ ના રોજ ૧૬:૦૦ કલાકે મામલતદાર અને એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાવરકુંડલાની કચેરી ખાતે રાખવામાં આવેલ છે.

આ કામે અરજદારશ્રી તેઓની અરજીમાં કરેલ રજુઆતના સમર્થનમાં જે કોઈ આધાર-પુરાવા રજુ કરવાના હોય , અરજીમાં જો કુલ બે સાહેદોના સોગંદનામા રજુ કરેલ ના હોય તો તે સાહેદોના સોગંદનામા સાથે સાહેદો સહિત હાજર રહેવું.

આ કામે સામાવાળા (જન્મ નોંધણી રજીસ્ટ્રાર) એ તેઓ હસ્તકના રેકર્ડમાં આ સાથે સામેલ રાખેલ અરજીની વિગત મુજબના ઈસમનો જન્મ નોંધાયેલ છે કે કેમ? તે અંગે જરૂરી પ્રમાણપત્ર તથા અસલ જન્મ-મરણ રજીસ્ટર સાથે હાજર રહેવા જણાવવામાં આવે છે.

વધુમાં આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંઘો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં ઉકત મુદતે વાંધો તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

સહી.
મામલતદાર અને એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ,
સાવરકુંડલા



ડ્રીમ ફેમિલી સ્પાની ધમાકા ઓફર
Dream Family spa
ડ્રીમ ફેમેલી સ્પા
Ladies & Gents
ભાઈઓ માટે Rs.1399/-માં પ્રીમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૪૫ મિનિટ
બહેનો માટે Rs.699/-માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/-માં પ્રિમીયમ મસાજ
Appointment Now
Mo.8160832025
ADDRESS : સાવરકુંડલા ચોકડી, રીંગ રોડ, RTO Office ની બાજુમાં, અમરેલી - 365601.




## તંત્રી લેખ

# સમુદ્રમાં ઘેરાતી અશાંતિ

વૈશ્વિક જળમાર્ગો પર વધી રહેલું જોખમ હવે ચિંતાજનક સ્તરે પહોંચ્યું છે. કાળા સમુદ્રમાં માલવાહક જહાજ એમવી રોયાદ મામાડોવને નિશાન બનાવવામાં આવ્યું તે ઘટનાએ ફરી એકવાર સાબિત કર્યું છે કે આંતરરાષ્ટ્રીય વેપાર માટે મહત્વના દરિયાઈ કોરિડોર હવે સુરક્ષિત રહ્યા નથી. આ હુમલામાં બે વિદેશી ખલાસીઓએ જીવ ગુમાવ્યો છે જ્યારે ત્રણ ભારતીય ખલાસીઓનો આબાદ બચાવ થયો છે. રોમાનિયામાં રહેલા ભારતીય રાજદૂતાવાસે આપેલી વિગતો મુજબ ઘાયલોને તાત્કાલિક સારવાર માટે રોમાનિયા ખસેડાયા હતા અને કોન્સ્ટેન્ટા કાઉન્ટી હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી છે. ભારતીય રાજદૂત મનોજ મહાપાત્રા સ્વયં હોસ્પિટલની મુલાકાત લઈને ખલાસીઓને મળ્યા હતા અને હોસ્પિટલ પ્રશાસને ખાતરી આપી છે કે તમામની હાલત સ્થિર છે. આ સમાચાર ભારત માટે આંશિક રાહત સમાન છે, પરંતુ વૈશ્વિક સ્તરે તે એક ગંભીર ચેતવણી સમાન છે.

ભારતની દ્રષ્ટિએ આ સ્થિતિ વધુ ગંભીર છે કારણ કે ભારતીય નાવિક સમુદાય વિશ્વમાં સૌથી મોટો છે. હજારો ભારતીય પરિવારોની આજીવિકા સમુદ્ર સાથે જોડાયેલી છે. થોડા અઠવાડિયા પહેલા ઓમાન નજીક એમટી એલ ગૈયા નામના ભારતીય જહાજ પર થયેલા હુમલામાં એક ભારતીય નાવિક ગુમ થયો હતો તે ઘટના હજુ તાજી છે. વારંવાર બનતી આવી ઘટનાઓ ભારતીય દરિયાઈ શ્રમિકોના મનમાં ભય પેદા કરે છે. આ જ કારણથી વિદેશ મંત્રી એસ જયશંકરે સંયુક્ત રાષ્ટ્રના મંચ પરથી આ મુદ્દાને સખત શબ્દોમાં ઉઠાવ્યો હતો. તેમણે સ્પષ્ટ કહ્યું હતું કે વેપારી જહાજો અને નાવિકો પર હુમલા કોઈ પણ સંજોગોમાં સ્વીકાર્ય નથી. ભારતીય નાવિકોએ જીવ ગુમાવ્યા છે તેવી જ રીતે અન્ય દેશોના નાવિકોએ પણ બલિદાન આપ્યું છે, આ સ્થિતિ બદલવી જ પડશે. તેમની આ રજૂઆત સમયસરની અને જરૂરી હતી.

હવે પ્રશ્ન એ છે કે ઉકેલ શું છે. માત્ર નિંદા પ્રસ્તાવોથી સમુદ્ર સુરક્ષિત થવાનો નથી. વિશ્વને એક મજબૂત અને વ્યવહારુ દરિયાઈ સુરક્ષા વ્યવસ્થા ઊભી કરવી પડશે. ભારત જે આંતરરાષ્ટ્રીય ગઠબંધનમાં જોડાયું છે જેમાં લાઈબેરિયા સહિત તેવીસ દેશો સામેલ છે, તેણે માત્ર નિવેદનો પૂરતું સીમિત ન રહેતા સંયુક્ત કાર્યવાહી કરવી પડશે. આધુનિક સર્વેલન્સ સિસ્ટમ, ડ્રોન દ્વારા દેખરેખ, જહાજો પર સુરક્ષા કર્મીઓની હાજરી અને હુમલાખોર સંગઠનો પર કડક પ્રતિબંધો મૂકવા જેવા પગલાં લેવા અનિવાર્ય છે. આંતરરાષ્ટ્રીય દરિયાઈ કાયદાનું ચુસ્તપણે પાલન થાય તે સુનિશ્ચિત કરવું એ દરેક સભ્ય દેશની ફરજ છે.

આપણે એ ભૂલવું ન જોઈએ કે સમુદ્ર વેપારનો સૌથી સસ્તો અને સૌથી મોટો માર્ગ છે. વિશ્વનો એંસી ટકાથી વધુ વેપાર સમુદ્ર માર્ગે થાય છે. જો આ માર્ગો અસુરક્ષિત બનશે તો વેપારનો ખર્ચ વધશે, વીમા કંપનીઓ પ્રીમિયમ વધારશે અને અંતે તેનો ભાર ઉપભોક્તા પર આવશે. તેથી કાળા સમુદ્રમાં થયેલો હુમલો એ માત્ર યુરોપની સમસ્યા નથી, તે ભાવનગરના બંદરથી લઈને મુંબઈના બંદર સુધી દરેક ભારતીય વેપારીની સમસ્યા છે.

સરકારે પણ પોતાના નાગરિકોની સુરક્ષા માટે વિશેષ પગલાં લેવા જોઈએ. વિદેશમાં ફસાયેલા કે ઘાયલ નાવિકોને ઝડપી કાનૂની અને તબીબી સહાય મળે તે માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર વધુ મજબૂત બનાવવી જોઈએ અને શિપિંગ કંપનીઓને નાવિકોની સુરક્ષા માટે જવાબદાર બનાવવી જોઈએ. એમવી રોયાદ મામાડોવના ત્રણ ભારતીયો બચી ગયા તે સારી વાત છે, પરંતુ ભવિષ્યમાં કોઈ ભારતીય નાવિકે આવી સ્થિતિમાંથી પસાર ન થવું પડે તે માટે આજે જ નક્કર નીતિ ઘડવી પડશે. સમુદ્રને સંઘર્ષનું નહીં પરંતુ સહયોગનું ક્ષેત્ર બનાવવું એ જ વિશ્વ શાંતિ માટેનો સાચો માર્ગ છે.

# લીલીયા તાલુકા પંચાયતમાં વિરોધ પક્ષના નેતા પદે નાના લીલીયાના રણજીતભાઈ ખુમાણની વરણી

લીલીયા,તા.૦૬

લીલીયા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા તરીકે નાના લીલીયા બેઠક પરથી ચૂંટાયેલા રણજીતભાઈ ધીરુભાઈ ખુમાણની સત્તાવાર વરણી કરવામાં આવી છે.



અમરેલી જિલ્લા ભાજપ દ્વારા તેમની પસંદગી કરાતા જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીએ લીલીયા ટીડીઓને લેખિત જાણ કરી હતી. આ નિમણૂક પત્ર તાલુકા ભાજપ પ્રમુખ આનંદ ધાનાણી તથા જિલ્લા પંચાયત સદસ્ય જીગ્નેશ સાવજ દ્વારા સુપરત કરાયો હતો. આ નિમણૂકથી ઉત્સાહિત કાર્યકરોએ અટલધારા કાર્યાલય ખાતે એકબીજાનું મોં મીઠું કરાવી હર્ષ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે તાલુકા પંચાયત સદસ્યો પ્રફુલભાઈ ધીનૈયા, પ્રજ્ઞેશ રામાણી, પ્રતાપભાઈ ખુમાણ, વિજય ગજેરા, કમલેશબાપુ અગ્રાવત તેમજ નિર્મળભાઈ ખુમાણ, દિલીપ ડાભી, ધર્મેશ દેસાઈ, બાલાભાઈ ભરવાડ સહિતના આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# ચલાલાની પરિણીતા પર રાજકોટમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો

ચલાલા, તા.૦૬

ચલાલાની પરિણીતા પર રાજકોટમાં સાસરિયાએ સિતમ ગુજાર્યો હતો.

બનાવ અંગે કિંજલબેન સિધ્ધાર્થભાઈ સરવૈયા (ઉ.વ.૩૧)એ રાજકોટમાં રહેતા પતિ સિધ્ધાર્થભાઈ રસીકભાઈ સરવૈયા, પ્રભાબેન રસીકભાઈ સરવૈયા, વિવેકભાઈ રસીકભાઈ સરવૈયા, અંજલીબેન વિવેકભાઈ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. તેમના લગ્ન તા.૧૩/૦૨/૨૦૨૫ ના રોજ થયા હતા અને લગ્નના ૧૦ દિવસ બાદ તા.૨૩/૦૨/૨૦૨૫ થી તા.૦૫/૦૯/૨૦૨૫ સુધી તેમને તેના પતિ, સાસુ તથા જેઠ-જેઠાણીએ અવાર-નવાર ઘરકામ બાબતે માથાકુટ કરી શારીરીક તથા માનસીક ત્રાસ આપ્યો હતો. ચલાલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ રવિભાઈ ખોડાભાઈ બગડા વધુ તપાસ કરી રહ્યા છે.

## રાજુલામાં કેફી પીણું પીને સર્પાકાર બાઈક ચલાવતો યુવક ઝડપાયો

રાજુલા, તા.૦૬

રાજુલામાં કેફી પીણું પીને સર્પાકાર બાઈક ચલાવતો યુવક ઝડપાયો હતો. હિતેશભાઈ જયંતીભાઈ પરમાર કેફીપીણું પીધેલી હાલતમાં સર્પાકાર રીતે બાઈક ચલાવતા પોલીસ ઝપટે ચડ્યો હતો. આ સિવાય અન્ય ત્રણ લોકો પણ કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

## સાવરકુંડલામાં મહિલાના રહેણાંક મકાનેથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલામાં મહિલાના રહેણાંક મકાનેથી ૧૦ લીટર દેશી દારૂ પકડાયો હતો. હાથસણી રોડ રાધેશ્યામ સોસાયટીમાંથી મહિલાના મકાનમાંથી દેશી પીવાનો ૧૦ લીટર દારૂ મળ્યો હતો. પોલીસે ૨૦૧૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. અમેરલી અને રાજુલામાંથી બે-બે તથા મરીન પીપાવાવમાંથી એક મળી કુલ પાંચ ઈસમો કેફી પીણું પીને ફરતા મળી આવ્યા હતા.

# અમરેલીમાં પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત પૌષ્ટિક વાનગી સ્પર્ધા યોજાઈ

અમરેલી,તા.૦૬

મહિલા અને બાળ વિકાસ વિભાગ, આઈ.સી.ડી.એસ. શાખા, જિલ્લા પંચાયત અમરેલી દ્વારા પોષણ ઉત્સવ-૨૦૨૬ અંતર્ગત ટેક હોમ રાશન અને મિલેટમાંથી બનતી વિવિધ પૌષ્ટિક વાનગીઓની જિલ્લા કક્ષાની સ્પર્ધા અમરેલીના જેસિંગપરા સ્થિત અંબિકા ટાઉન હોલ ખાતે યોજાઈ હતી. જિલ્લા



પંચાયત પ્રમુખ દક્ષાબહેન ચોડવડિયાના અધ્યક્ષસ્થાને યોજાયેલ કાર્યક્રમમાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન વિલાસબહેન દેસાઈના માર્ગદર્શન હેઠળ વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવી હતી. કુંકાવાવ, લાઠી અને સાવરકુંડલા સહિતના ઘટકોની બહેનોએ બર્ગર, મન્ચુરિયન, રવાના ઢોસા, રાગી સૂપ અને મિલેટ કેક જેવી વાનગીઓ બનાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ આંગણવાડીની બહેનોની કામગીરીને બિરદાવી હતી. વિજેતા બહેનો રાજકોટ ખાતે યોજાનારી ઝોન કક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

# પતિએ પત્ની પાસે પૈસા માંગતા આપવાની ના પાડતાં ઝેરી દવા પીધી

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાના બાઢડા ગામની વાડીએ પરપ્રાંતિય દંપતી રહેતું હતું. પતિએ પત્ની પાસે પૈસા માંગતા આપવાની ના પાડતાં ઝેરી દવા પીતા મોત થયું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેસના જોબટ તાલુકાના છોતાગુડાના અને હાલ સાવરકુંડલાના બાઢડા ગામે વાડીએ રહેતા અનીતાબેન દિલીપભાઈ ડાવરા (ઉ.વ.૩૦)એ જાહેર કર્યા મુજબ, તેમના પતિ દિલીપભાઈ કલમસિંહ ડાવરા (ઉ.વ.૩૦)એ તેની પાસે પૈસા માંગ્યા હતા. જેથી તેમણે આપવાની ના પાડતાં મનમાં લાગી આવ્યું હતું અને પોતાની મેળે ઝેરી દવા પી લેતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ પી એ ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

**બાઢડા ગામની વાડીએ પરપ્રાંતિય દંપતી રહેતું હતું**

# સાવરકુંડલા તાલુકાના ચરખડિયા ગામના પ્રૌઢનું હાર્ટ એટેકથી મોત

**ઘણા સમયથી હૃદયરોગની બીમારી હતી**

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલાના ચરખડિયા ગામના પ્રૌઢનું હાર્ટ એટેકથી મોત થયું હતું.

બનાવ અંગે સાવરકુંડલામાં રહેતા પ્રવિણભાઈ માધવજીભાઈ તળાવીયા (ઉ.વ.૬૨)એ જાહેર કર્યા મુજબ, ચરખડિયા ગામે રહેતા માધવજીભાઈ નાથાભાઈ તળાવીયા (ઉ.વ.૮૩)ને ઘણા સમયથી હૃદયરોગની બીમારી હતી અને હાર્ટ એટેક આવવાથી મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના પીએસઆઈ બી પી પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૬૬૫ | ૧૯૩૦ |
| ઘઉં લોકવન | ૫૫૨ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૫૫૦ | ૬૫૧ |
| જુવાર સફેદ | ૧૩૩૦ | ૧૪૧૪ |
| જુવાર લાલ | ૧૨૧૫ | ૧૩૦૫ |
| જુવાર પીળી | ૪૫૦ | ૫૧૫ |
| બાજરી | ૪૦૦ | ૪૪૨ |
| તુવેર | ૧૪૩૦ | ૧૯૦૦ |
| ચણા પીળા | ૧૨૩૦ | ૧૫૦૬ |
| ચણા સફેદ | ૧૬૭૦ | ૨૩૦૦ |
| અડદ | ૧૪૬૦ | ૧૯૮૮ |
| મગ | ૧૩૭૫ | ૧૭૧૧ |
| વાલ દેશી | ૯૪૦ | ૧૩૫૪ |
| ચોળી | ૧૦૨૫ | ૧૭૪૦ |
| વટાણા | ૬૧૦ | ૧૦૨૪ |
| કળથી | ૫૬૧ | ૫૬૧ |
| રાજમા | ૧૮૦૦ | ૨૦૪૬ |
| સીંગદાણા | ૧૪૦૦ | ૧૯૭૧ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૫૦૦ |
| મગફળી જીણી | ૧૧૩૦ | ૧૫૮૫ |
| તલી | ૨૦૦૦ | ૨૬૮૦ |
| એરંડા | ૧૧૫૦ | ૧૪૫૬ |
| અજમો | ૯૦૦ | ૨૨૫૦ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૬૭ |
| સીંગફાડા | ૧૨૯૦ | ૧૬૨૦ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૬૨૦ |
| લસણ | ૧૧૪૦ | ૨૩૭૫ |
| ધાણા | ૨૪૫૦ | ૨૯૦૦ |
| ધાણી | ૨૭૦૦ | ૨૯૫૦ |
| વરીયાળી | ૧૧૧૦ | ૨૨૨૨ |
| જીરૂ | ૪૧૦૦ | ૪૫૭૦ |
| રાય | ૧૩૫૦ | ૧૮૩૬ |
| મેથી | ૯૬૦ | ૧૭૩૨ |
| કલોંજી | ૩૫૦૦ | ૪૧૭૪ |
| રાયડો | ૧૩૫૦ | ૧૫૪૦ |
| રજકાનું બી | ૪૨૦૦ | ૯૮૦૦ |
| ગુવારનું બી | ૧૧૧૦ | ૧૩૧૦ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૯૯૨ | ૩૯૮૨ |
| પપૈયા | ૧૫૨ | ૩૨૮ |
| બટેટા | ૯૪ | ૩૦૧ |
| ડુંગળી સુકી | ૩૪૦ | ૮૨૫ |
| ટમેટા | ૩૦૧ | ૬૪૨ |
| સુરણ | ૪૨૮ | ૬૩૭ |
| કોથમરી | ૪૯૩ | ૭૭૮ |
| મુળા | ૨૦૮ | ૪૧૦ |
| રીંગણા | ૨૪૨ | ૫૩૬ |
| કોબીજ | ૮૮ | ૧૫૨ |
| ફ્લાવર | ૨૪૭ | ૩૬૮ |
| ભીંડો | ૪૫૮ | ૮૧૦ |
| ગુવાર | ૩૮૮ | ૧૪૮૬ |
| ચોળાસીંગ | ૫૧૧ | ૭૯૬ |
| વાલોળ | ૬૭૬ | ૧૧૮૫ |
| ટીંડોળા | ૩૧૧ | ૭૦૬ |
| દુધી | ૯૨ | ૨૩૬ |
| કારેલા | ૪૦૩ | ૫૮૨ |
| સરગવો | ૭૫૮ | ૧૪૭૯ |
| તુરીયા | ૫૩૨ | ૮૦૩ |
| પરવર | ૩૧૯ | ૫૨૧ |
| કાકડી | ૨૪૬ | ૮૯૧ |
| ગાજર | ૨૮૮ | ૪૧૩ |
| વટાણા | ૧૫૫૯ | ૨૯૭૬ |
| તુવેરસીંગ | ૫૨૨ | ૭૧૪ |
| કંટોળા | ૧૮૧૮ | ૨૧૧૬ |
| ગલકા | ૨૫૯ | ૫૧૧ |
| બીટ | ૩૧૬ | ૫૧૯ |
| મેથી | ૧૬૧૯ | ૧૮૨૨ |
| વાલ | ૮૧૪ | ૧૦૨૩ |
| ડુંગળી લીલી | ૨૦૯ | ૪૧૬ |
| આદુ | ૧૨૨૯ | ૩૦૩૧ |
| મરચા લીલા | ૧૪૮ | ૪૯૨ |
| હળદર લીલી | ૬૯૬ | ૮૮૨ |
| લસણ લીલું | ૨૨૪૨ | ૨૮૩૩ |
| મગફળી લીલી | ૫૨૪ | ૮૧૫ |
| મકાઇ લીલી | ૧૪૬ | ૨૮૭ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૯૧૬ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૧૪ |
| ઘઉં ટુકડા | ૫૧૦ | ૬૫૪ |
| મગફળી જીણી | ૯૦૦ | ૧૬૧૬ |
| સિંગદાણા જાડા | ૧૬૫૦ | ૧૮૯૧ |
| સિંગ ફાડીયા | ૮૪૧ | ૧૭૧૧ |
| એરંડા/એરંડી | ૧૫૨૧ | ૧૫૨૧ |
| તલ લાલ | ૨૨૫૧ | ૨૫૨૧ |
| જીરૂ | ૨૫૦૧ | ૪૭૧૧ |
| ક્લંજી | ૨૩૦૧ | ૪૩૫૧ |
| ધાણા | ૨૭૦૧ | ૩૦૩૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૨૧૪૧ |
| ડુંગળી લાલ | ૧૭૧ | ૮૯૧ |
| અડદ | ૧૦૦૦ | ૧૯૨૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૯૫૧ |
| રાય | ૧૭૮૧ | ૧૮૭૬ |
| મેથી | ૧૩૪૧ | ૧૪૯૧ |
| મગફળી જાડી | ૮૫૦ | ૧૫૯૧ |
| સફેદ ચણા | ૧૩૦૦ | ૨૪૨૧ |
| મગફળી ૬૬ | ૧૩૦૦ | ૨૪૨૧ |
| તલ - તલી | ૧૭૫૧ | ૨૫૯૧ |
| ધાણી | ૨૭૫૧ | ૩૦૫૧ |
| બાજરો | ૪૨૧ | ૪૪૧ |
| જુવાર | ૯૨૬ | ૧૦૨૬ |
| મકાઇ | ૫૦૦ | ૫૦૦ |
| મગ | ૧૦૫૧ | ૧૭૫૧ |
| ચણા | ૧૧૧૧ | ૧૪૬૧ |
| વાલ | ૧૦૭૬ | ૧૨૦૦ |
| વાલ પાપડી | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ચોળા / ચોળી | ૧૩૨૧ | ૧૬૭૧ |
| સોયાબીન | ૧૦૭૬ | ૧૧૬૬ |
| ગોગળી | ૭૦૦ | ૧૩૪૧ |
| વટાણા | ૩૯૧ | ૮૫૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૧૮૦ | ૭૦૦ |
| મરચા | ૧૦૦ | ૮૦૦ |
| ગુવાર | ૫૦૦ | ૧૫૦૦ |
| કોબી | ૬૦ | ૨૦૦ |
| દુધી | ૮૦ | ૩૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૪૦૦ |
| કાકડી | ૧૦૦ | ૧૦૦૦ |
| રીંગણા | ૧૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૧૦૦૦ |
| ગલકા | ૨૦૦ | ૭૦૦ |
| ગાજર | ૪૦૦ | ૬૦૦ |
| ટિંડોરા | ૩૦૦ | ૮૦૦ |
| તુવેર | ૬૦૦ | ૧૦૦૦ |
| વાલ | ૮૦૦ | ૧૪૦૦ |
| વટાણા | ૨૪૦૦ | ૩૦૦૦ |
| શક્કરીયા | ૬૦૦ | ૧૦૦૦ |
| બટેટા | ૧૫૦ | ૨૭૦ |
| લીલી હળદર | ૬૦૦ | ૧૦૦૦ |
| ડુંગળી પુરા | ૫ | ૧૨ |
| તાંજરીયા પુરા | ૪ | ૭ |
| કોથમીર પુરા | ૧ | ૪ |
| મૂળા પુરા | ૪ | ૧૦ |
| કાચા કેળા | ૨૦૦ | ૩૦૦ |
| ચ્રૂણ | ૫૮૦ | ૮૦૦ |
| પરવર | ૬૦૦ | ૧૦૦૦ |
| ઘીસોડા | ૨૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૬૦૦ | ૩૦૦૦ |
| મેથી પુરા | ૪ | ૧૦ |
| બીટ પુરા | ૪ | ૧૫ |
| સરગવો પુરા | ૫૦ | ૮૦ |
| ચોરા | ૩૦૦ | ૧૨૦૦ |
| કારેલા | ૨૦૦ | ૭૦૦ |
| વાલોર | ૪૦૦ | ૧૨૦૦ |
| મગફળી લીલી | ૮૦૦ | ૯૦૦ |
| કાચા પોપૈયા | ૨૦ | ૩૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૪૦૦ |
| લસણ પુરા | ૧૦ | ૧૩ |
| પાલક પુરા | ૨ | ૬ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૧૧૯૦ | ૧૩૮૦ |
| શિંગ મોટી | ૧૦૪૦ | ૧૫૦૦ |
| શિંગદાણા ફાડા | ૧૫૭૦ | ૧૮૧૦ |
| તલ સફેદ | ૧૭૮૫ | ૨૭૪૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૬૦૫ |
| તલ કાશમીરી | ૨૨૦૦ | ૨૫૨૦ |
| બાજરો | ૩૪૫ | ૩૯૦ |
| જુવાર | ૬૫૦ | ૧૪૨૫ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૭૦૦ |
| ઘઉં લોકવન | ૫૩૦ | ૬૦૦ |
| મગ | ૭૫૦ | ૧૬૬૫ |
| અડદ | ૧૧૫૦ | ૧૮૬૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૫૦ |
| ચણા દેશી | ૧૨૦૫ | ૧૪૪૦ |
| તુવેર | ૧૧૮૦ | ૧૮૦૦ |
| કપાસ | ૧૦૪૦ | ૨૦૦૦ |
| એરંડા | ૧૩૦૦ | ૧૪૭૫ |
| જીરુ | ૩૫૧૦ | ૪૧૫૫ |
| ધાણી | ૨૦૦૦ | ૩૦૦૦ |
| મેથી | ૧૩૦૦ | ૧૪૨૦ |
| સોયાબીન | ૧૧૦૦ | ૧૧૨૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૩૦ | ૨૩૦ |
| રીંગણા | ૭૦૦ | ૧૨૦૦ |
| ફ્લાવર | ૩૨૦ | ૪૩૦ |
| કોબીજ | ૧૮૦ | ૨૩૦ |
| શક્કરીયા | ૧૦૫૦ | ૧૧૮૦ |
| ટમેટાં | ૬૫૦ | ૭૫૦ |
| સુરણ | ૯૩૦ | ૧૦૫૦ |
| ગાજર | ૫૦૦ | ૬૦૦ |
| દુધી | ૧૫૦ | ૨૦૦ |
| કારેલા | ૪૦૦ | ૫૦૦ |
| ગલકા | ૩૨૦ | ૪૩૦ |
| મૂળા | ૧૫૦ | ૨૨૦ |
| કાકડી | ૪૦૦ | ૫૮૦ |
| ગુવાર | ૧૦૦૦ | ૧૪૦૦ |
| વાલોળ | ૯૩૦ | ૧૦૩૦ |
| વટાણા | ૨૦૫૦ | ૨૪૫૦ |
| ચોળા લીલા | ૮૦૦ | ૯૩૦ |
| તુરીયા | ૭૨૦ | ૮૩૦ |
| ચીભડા | ૪૫૦ | ૬૫૦ |
| લીલી તુવેર | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| હળદર લીલી | ૧૦૨૦ | ૧૧૦૦ |
| આદુ | ૧૨૩૦ | ૧૩૪૦ |
| કોથમીર | ૪૦૦ | ૮૨૦ |
| મેથીભાજી | ૮૦૦ | ૧૦૦૦ |
| ફોદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૫૦૦ | ૬૩૦ |
| બીટ | ૬૦૦ | ૬૬૦ |
| શીંગઓળા | ૭૩૦ | ૮૪૦ |
| સરગવો | ૧૧૫૦ | ૧૩૮૦ |
| લીમડો મીઠો | ૧૭૦ | ૧૯૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૬૦૦ |
| મરચાં લાલ | ૩૦૦ | ૭૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૨૦ |
| ડુંગળી સુકી | ૬૬૦ | ૮૩૦ |
| લસણ લીલું | ૨૦૫૦ | ૨૨૬૦ |
| લસણ સુકું | ૧૬૦૦ | ૨૨૫૦ |
| પાલક | ૬૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૧૫૦૦ | ૨૫૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૫૦ |
| વાલ | ૯૦૦ | ૧૦૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૦૦ | ૧૫૦૭ |
| શીંગ મોટી | ૧૩૦૦ | ૧૪૯૦ |
| તલ સફેદ | ૨૧૫૦ | ૨૫૬૦ |
| તલ કાળા | ૨૮૫૦ | ૩૫૦૦ |
| જીરૂ | ૪૦૦૦ | ૪૪૫૦ |
| કપાસ | ૧૮૦૦ | ૧૯૧૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૫૦ |
| ઘઉં ટુકડા | ૫૨૫ | ૫૭૦ |
| બાજરો | ૪૦૦ | ૫૫૧ |
| જુવાર | ૭૫૦ | ૧૪૦૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૦૧ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૨૦ |
| એરંડી | ૧૨૦૦ | ૧૪૩૦ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૬૫૦ | ૧૯૨૪ |
| કપાસ મીડી. | ૧૩૭૦ | ૧૫૮૦ |
| મગફળી | ૧૧૨૫ | ૧૨૭૦ |
| તલ કાળા | ૨૧૨૦ | ૨૪૭૦ |
| જીરૂ | ૪૧૧૦ | ૪૪૭૫ |
| ચણા | ૧૧૭૦ | ૧૨૫૦ |
| ઘઉં | ૫૨૧ | ૫૫૧ |
| મગ | ૧૮૧૦ | ૨૪૫૦ |
| અડદ | ૧૭૦૦ | ૧૭૬૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૬૦૦ | ૧૮૯૫ |
| ઘઉં ટુકડા | ૫૩૮ | ૫૫૦ |
| ઘઉં લોકવન | ૫૨૬ | ૫૪૨ |
| અડદ | ૧૪૨૫ | ૧૮૦૧ |
| મગફળી | ૯૫૦ | ૧૨૦૦ |
| ચણા | ૧૦૫૦ | ૧૨૩૫ |
| તલ સફેદ | ૨૧૦૦ | ૨૩૭૨ |
| જુવાર | ૭૦૦ | ૭૦૦ |
| ચણા સફેદ | ૧૦૬૫ | ૧૦૬૫ |
| સોયાબીન | ૧૦૯૧ | ૧૧૩૦ |
| એરંડી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| શીંગદાણા | ૧૫૨૫ | ૧૫૨૫ |
| તુવેર | ૯૭૦ | ૧૭૦૦ |
| **ધારી** | | |
| કપાસ | ૧૫૨૦ | ૧૯૦૧ |
| ઘઉં | ૫૪૦ | ૫૪૦ |
| તુવેર | ૧૮૫૧ | ૧૮૫૧ |
| મગ | ૧૪૫૫ | ૧૪૫૫ |
| બાજરો | ૩૫૦ | ૩૫૦ |
| **મહુવા** | | |
| શીંગ ગીરનાર | ૧૨૩૦ | ૧૪૨૫ |
| શીંગ ૬૬ | ૧૨૮૦ | ૨૧૨૨ |
| શીંગ ૩૯ | ૧૦૦૦ | ૧૪૭૩ |
| શીંગ જી-૨૦ | ૧૨૦૦ | ૧૪૯૩ |
| જુવાર | ૭૩૫ | ૧૪૬૦ |
| બાજરી | ૩૮૧ | ૫૦૯ |
| બાજરો | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ઘઉં ટુકડા | ૩૬૫ | ૬૪૪ |
| મકાઈ | ૫૮૧ | ૫૮૧ |
| અડદ | ૮૯૨ | ૧૮૪૭ |
| મગ | ૧૩૦૦ | ૧૬૪૦ |
| મેથી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૨૪૩૧ | ૨૬૩૨ |
| તલ કાળા | ૧૨૦૧ | ૩૪૬૦ |
| તુવેર | ૭૦૦ | ૧૭૦૦ |
| અજમાં | ૧૪૦૦ | ૩૧૪૫ |
| ડુંગળી લાલ | ૮૧ | ૮૦૦ |
| ડુંગળી સફેદ | ૨૦૦ | ૭૭૯ |
| કપાસ શંકર | ૧૪૮૦ | ૧૮૫૫ |
| નાળીયેર | ૪૦૦ | ૩૦૩૫ |
| **ખાંભા** | | |
| કપાસ A ગ્રેડ | ૧૭૯૧ | ૧૮૯૫ |
| કપાસ B ગ્રેડ | ૧૭૫૧ | ૧૭૭૭ |
| ચણા | ૧૧૯૦ | ૧૧૯૦ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| તલ સફેદ | ૨૪૫૦ | ૨૪૫૦ |
| તલ કાળા | ૩૦૫૦ | ૩૪૫૧ |
| કપાસ | ૧૬૦૦ | ૧૯૦૦ |
| બાજરો | ૪૧૦ | ૬૦૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૧૧ |
| જુવાર | ૬૦૦ | ૧૪૨૭ |
| મગ | ૯૨૬ | ૧૫૦૦ |
| અડદ | ૧૬૫૧ | ૨૦૦૧ |
| ચણા | ૧૩૨૫ | ૧૩૨૫ |
| મેથી | ૧૨૦૦ | ૧૨૦૦ |
| **જામનગર** | | |
| બાજરી | ૩૮૦ | ૪૨૧ |
| ઘઉં | ૫૧૦ | ૫૬૪ |
| અડદ | ૧૮૦૦ | ૧૮૬૦ |
| તુવેર | ૧૭૫૦ | ૧૮૦૦ |
| ચણા | ૧૩૫૦ | ૧૪૬૧ |
| ચણા | ૧૨૩૫ | ૧૫૮૦ |
| મગફળી જીણી | ૧૧૦૦ | ૧૩૮૫ |
| એરંડા | ૧૪૫૦ | ૧૪૯૫ |
| તલી | ૨૦૦૦ | ૨૫૪૦ |
| તલ કાળા | ૨૩૦૦ | ૨૭૦૦ |
| લસણ | ૮૦૦ | ૨૬૨૫ |
| કપાસ | ૧૭૧૦ | ૧૯૯૫ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૬૨૦ |
| ડુંગળી સુકી | ૩૦૦ | ૭૩૫ |
| શીંગદાણા | ૧૫૦૦ | ૧૮૦૦ |
| વટાણા | ૩૮૦ | ૮૬૦ |
| કલોંજી | ૧૧૪૦ | ૪૧૬૫ |
| **કોડીનાર** | | |
| મગફળી નવી | ૧૧૬૬ | ૧૪૫૦ |
| બાજરી હાઈબ્રીડ | ૩૮૦ | ૪૮૧ |
| ઘઉં | ૫૦૦ | ૫૯૬ |
| અડદ | ૧૦૫૦ | ૧૯૫૦ |
| એંરડી | ૧૨૫૦ | ૧૪૭૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૦૬ |
| સફેદ તલ | ૧૯૦૦ | ૨૪૫૧ |
| કાળા તલ | ૨૧૦૦ | ૩૬૨૨ |
| સોયાબીન | ૧૦૦૦ | ૧૧૬૪ |
| ડાંગર | ૯૦૦ | ૧૦૬૦ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૯૧૧ |
| ઘઉં | ૪૫૦ | ૫૪૨ |
| મગ | ૧૦૦૧ | ૧૪૦૧ |
| ચણા | ૧૦૦૧ | ૧૩૫૧ |
| અડદ | ૧૦૦૧ | ૧૭૧૬ |
| તુવેર | ૧૧૦૧ | ૧૮૪૬ |
| મગફળી | ૯૦૧ | ૧૩૪૧ |
| શિંગદાણા | ૧૬૦૧ | ૧૭૧૧ |
| તલ સફેદ | ૨૦૦૧ | ૨૫૫૬ |
| જીરૂ | ૩૫૦૧ | ૪૪૦૦ |
| ધાણા | ૨૦૦૧ | ૨૮૩૧ |
| લસણ | ૮૦૧ | ૧૦૭૧ |
| સોયાબીન | ૧૦૦૧ | ૧૧૧૧ |


06
લાગે તો તીર :-જ્યારથી બકાએ ટી.વી.મા હમાચાર હાંભળ્યાં, એ.આઈ.એ હાહાકાર મચાવ્યો છે

# ભારત સ્પોર્ટ્સમાં સુપરપાવર કેમ નહીં ?



એશિયન ગેમ્સ સમાપ્ત થઈ ગઈ.

જાપાનના આઈચી અને નાગોયા એ બે શહેરો ખાતે યોજાયેલી એશિયન ગેમ્સ ૨૦૨૬માં ભારતીય ખેલાડીઓએ કુલ ૮ મેડલ જીતીને ગૌરવપૂર્ણ દેખાવ કર્યો પણ ૪ વર્ષ પહેલાં ચીનમાં યોજાયેલી એશિયન ગેમ્સની સરખામણીમાં ભારતનો દેખાવ નબળો છે. ૨૦૨૨માં ભારતે ૨૮ ગોલ્ડ મેડલ સાથે કુલ ૧૦૬ મેડલ જીતેલા જ્યારે આ વખતે ૨૧ ગોલ્ડ સાથે કુલ ૮૫ મેડલ જીત્યા. ૨૦૨૨માં ભારત મેડલ ટેલીમાં ચોથા નંબરે હતું ને આ વખતે પણ ચોથા નંબરે જ છે પણ ભારતના મેડલની સંખ્યા લગભગ ૨૦ ટકા ઘટી છે.

આ વખતે ભારતે ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર અને ૩૭ બ્રોન્ઝ મેડલ ૮૫ મેડલ જીત્યા પણ ૨૦૨૨ની સરખામણીમાં મેડલની સંખ્યામાં ૨૧નો ઘટાડો થયો છે અને ગોલ્ડ મેડલ તો ૭ ઓછા આવ્યા છે. ભારતે ૩૬ વિવિધ રમતોમાં ૪૯૫ એથ્લેટ્સ મેદાનમાં ઉતારેલા ને તેમાંથી ૨૦ ટકાથી પણ ઓછા એટલે કે માત્ર ૮૫ ખેલાડી મેડલ જીતી શક્યા છે.

ભારતે જીતેલા ૨૧ ગોલ્ડ મેડલમાંથી ૯ ગોલ્ડ એટલે કે લગભગ અડધા તો ટીમ ઈવેન્ટમાં છે. ક્રિકેટ, હોકી અને કબડ્ડી એ ત્રણેય રમતોમાં ભારતીય મહિલા અને પુરુષ બંને ટીમે ગોલ્ડ મેડલ જીત્યા છે. આ સિવાય ફોર બાય ફોર હંડ્રેડ રીલે દોડમાં ભારતીય મહિલા ટીમે ગોલ્ડ મેડલ જીત્યો છે. ભારતની મહિલા તીરંદાજી ટીમે પણ બે ગોલ્ડ મેડલ જીત્યા છે. દોડ અને તીરંદાજીમાં ટીમ ઈવેન્ટ હોય છતાં દરેક ખેલાડી શ્રેષ્ઠ દેખાવ કરે તો જ ગોલ્ડ મેડલ મળતા હોય છે એ જોતાં તેમની સિધ્ધીને વ્યક્તિગત માનીએ તો પણ કબડ્ડી, ક્રિકેટ અને હોકીના ગોલ્ડ મેડલ તો સંપૂર્ણપણે ટીમ ઈવેન્ટના જ છે એ જોતાં બહુ ઓછા ભારતીય ખેલાડીઓએ વ્યક્તિગત રીતે શાનદાર પ્રદર્શન કર્યું છે એમ કહી શકાય.

ભારતને સૌથી વધારે નુકસાન શૂટિંગ અને એથ્લેટિક્સમાં થયું છે. ભારતે ૨૦૨૩માં ચીનના ગ્વાંગઝૂમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ૨૮ ગોલ્ડ સાથે ૧૦૬ મેડલ જીત્યા ત્યારે શૂટિંગમાં ૭ અને એથ્લેટિક્સમાં ૬ ગોલ્ડ જીત્યા હતા. જાપાનમાં ભારત શૂટિંગમાં ૩ અને એથ્લેટિક્સમાં માત્ર ૧ ગોલ્ડ જીતી શક્યું તેથી આ બે રમતોમાં જ ભારતને ૯ ગોલ્ડનું નુકસાન થયું છે. છેલ્લાં કેટલાંક વરસોમાં ભારતીય શૂટર્સ ઓલિમ્પિક્સમાં પણ ડંકો વગાડી રહ્યા છે ત્યારે શૂટિંગનો દેખાવ અત્યંત નિરાશાજનક છે. ઓલિમ્પિક્સની ડબલ મેડલ વિજેતા મનુ ભાકર સહિતના શૂટર્સ અપેક્ષા પ્રમાણેનો દેખાવ ના કરી શક્યા તેનો ફટકો ભારતને પડ્યો છે.

૨૦૨૩માં ભારતે સ્ક્વોશમાં ૨ અને ટેનિસ, બેડમિન્ટન તથા ઘોડેસવારીમાં ૧-૧ ગોલ્ડ જીત્યો હતો. આ રમતોમાં આ વખતે ભારતને એક પણ ગોલ્ડ મળ્યો નથી. તેથી પણ ભારતને ફટકો પડ્યો જ છે.

■■■

ચીન ફરી એશિયન સ્પોર્ટ્સ સુપર પાવર સાબિત થયું.

ચીન ૧૯૮૨માં પહેલી વાર એશિયન ગેમ્સમાં ઉતર્યું ને ત્યારથી મેડલ જીતવામાં તેનો દબદબો રહ્યો છે. ચીન ૧૯૮૨થી અત્યાર સુધીની દરેક એશિયન ગેમ્સમાં સૌથી વધારે મેડલ જીત્યું છે. શરૂઆતમાં જાપાન, દક્ષિણ કોરીયા વગેરે દેશો ચીનને ટક્કર આપતા પણ હવે કોઈ ચીનની નજીક પણ નથી. ચીને પોતાની સર્વોપરિતા જાળવી રાખીને ૧૬૯ ગોલ્ડ મેડલ સહિત ૩૪૧ મેડલ જીત્યા છે. બીજા ક્રમે રહેલા જાપાને ૮૩ ગોલ્ડ જીત્યા છે કે જે ચીનના ગોલ્ડ મેડલ્સથી અડધાથી પણ ઓછા છે.


**બ્રેકિંગ પોઈન્ટ**
નેહા શર્મા

આ વખતની એશિયન ગેમ્સમાં ચીને ચીનની બહાર તેનો સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો છે. એશિયન ગેમ્સમાં ચીને સર્વશ્રેષ્ઠ દેખાવ ૨૦૨૩માં હાંગઝોઉ ખાતે યોજાયેલી ૧૯મી એશિયન ગેમ્સમાં કરેલો, ઘરઆંગણે યોજાયેલલી ગેમ્સનો ભરપૂર લાભ લઈને ચીને કુલ ૩૮૩ મેડલ જીતેલા કે જેમાં ૨૦૧ ગોલ્ડ, ૧૧૧ સિલ્વર અને ૭ બ્રોન્ઝ મેડલ હતા. ચીનનો આ રેકોર્ડ ભવિષ્યમાં ચીન જ તોડશે, બાકી બીજા કોઈનું ગજું નથી.

ભારત અને ચીનની વસતી લગભગ સરખી હોવા છતાં ચીન ભારત કરતાં ૮ ગણા વધારે ગોલ્ડ મેડલ જીત્યું છે તેના પરથી જ ચીન સ્પોર્ટ્સમાં આપણા કરતાં કેટલું આગળ છે એ સ્પષ્ટ થઈ જાય. ભારત વિશ્વમાં સૌથી વધારે વસ્તી ધરાવતો દેશ છે છતાં વૈશ્વિક કક્ષાની ઓલિમ્પિક ગેમ્સમાં ભારતના ચણાય નથી આવતા. ચાવ ટચૂકડા દેશો પણ ભારત કરતાં વધારે ગોલ્ડ મેડલ જીતી જાય છે ને આપણે એકાદ ગોલ્ડ મેડલ જીતી જઈએ તો પણ ખુશ થવું પડે એવી હાલત છે.

એલિમ્પિક ગેમ્સમાં તો અમેરિકા સહિતના વિશ્વના અતિ વિકસિત દેશો ભાગ લે છે તેથી તેમની સામે આપણે ના ટકી શકીએ એમ માનીને મન મનાવીએ પણ એશિયામાં તો મર્યાદિત સંખ્યા હોવા છતાં ભારત ટોપ થ્રીમાં પણ નથી આવતું એ કઠે છે. ચીન સાથે તો ભારતની સરખામણી શક્ય જ નથી પણ જાપાન અને સાઉથ કોરીયા જેવા દેશો પણ ભારતથી આગળ છે એ શરમજનક તો કહેવાય જ.

જાપાન અને સાઉથ કોરીયા તો વિકસિત દેશો છે તેથી તેમની સાથે સરખામણી ના કરીએ તો પણ ઈરાન, ઉઝબેકસ્તાન, થાઈલેન્ડ જેવા આપણાથી ગરીબ દેશો પણ આપણા જેવો જ દેખાવ કરે છે. ચીન અને જાપાન તો સ્પોર્ટ્સ માટે ખાસ પ્રોગ્રામ ચલાવે છે પણ આ નાના નાના દેશોના ખેલાડીઓ મર્યાદિત સાધનો અને સવલતો વચ્ચે પણ ભારતને ટક્કર આપતો દેખાવ કરી જાય છે એ જોતાં આ ખેલાડીઓ સલામના હકદાર છે.

ભારત ચીન જેવા દેશોને પછાડી શકતું નથી તેનું કારણ ભારતમાં સ્પોર્ટ્સ માટેના કલ્ચરનો અભાવ છે. ભારતમાં તમામ સ્પોર્ટ્સ માટેનાં એસોસિએશનો છે અને સરકાર ફંડ પણ આપે છે પણ એસોસિએશનો પર નેતાઓનો કબજો છે તેથી ફંડ ચવાઈ જાય છે ને ભારત ચીનની જેમ સ્પોર્ટ્સમાં પણ સુપરપાવર નથી બની શકતું.

■■■

ભારતનો દેખાવ કથળ્યો છે ?

છેલ્લાં કેટલાંક વરસોથી ભારતનો એશિયન ગેમ્સમાં દેખાવ સતત સુધરી રહ્યો છે તેથી ભારતને વધારે મેડલની આશા હતી પણ આ આશા ફળી નથી. છેલ્લી ૪ એશિયન ગેમ્સની વાત કરીએ તો ૨૦૧૦ની ચીનના ગ્વાંગઝૂમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતે ૧૪ ગોલ્ડ, ૧૭ સિલ્વર અને ૩૪ બ્રોન્ઝ સાથે ૬૫ મેડલ્સ જીતીને સારો દેખાવ કર્યો હતો. એ પછી ૨૦૧૪માં સાઉથ કોરીયાના ઈચિયોનમાં યોજાયેલી એશિયન ગેમ્સમાં ભારતે ૧૧ ગોલ્ડ મેડલ, ૯ સિલ્વર મેડલ અને ૩૭ સિલ્વર મેડલ સાથે ૫૭ મેડલ જીતેલા.

ઈન્ડોનેશિયાના જાકાર્તામાં ૨૦૧૮માં રમાયેલી એશિયન ગેમ્સમાં આપણા રમતવીરો ૧૫ ગોલ્ડ, ૨૪ સિલ્વર ને ૩૦ બ્રોન્ઝ મેડલ સાથે મળીને કુલ ૬૯ મેડલ જીતીને પાછા આવેલા. ભારતનો આ દેખાવ સારો હતો પણ ૨૦૨૨માં ચીનના હાંગઝુમાં ભારતે સપાટો બોલાવીને સૌને દંગ કરી દીધેલા. ભારતે ૨૦૧૮ કરતાં લગભગ બમણા એટલે કે ૧૦ મેડલ જીત્યા હતા ને તેમાં ૨૮ તો ગોલ્ડ મેડલ હતા. ૩૮ સિલ્વર મેડલ અને ૪૦ બ્રોન્ઝ મેડલ જીતીને ભારતે એશિયન ગેમ્સમાં અત્યાર લગીનો સર્વશ્રેષ્ઠ દેખાવ કર્યો હતો.

આ દેખાવના કારણે આ વખતે ભારત વધારે મેડલ જીતશે એવી આશા હતી પણ એ આશા ફળી નથી. ભારતે ટીમ ઈવેન્ટમાં ચોક્કસ સારો દેખાવ કર્યો પણ વ્યક્તિગત રમતોમાં વધારે મહેનતની જરૂર છે એ સ્પષ્ટ થઈ ગયું. ક્રિકેટ, કબડ્ડી, હોકી વગેરે રમતોમાં ચીન, જાપાન જેવા સુપર પાવર દેશોને બહુ રસ નથી તેનો ભારતને ફાયદો મળે છે, જાપાન સામેની ક્રિકેટ મેચ આપણે માંડ માંડ જીતી શકેલા ને તેના પરથી જ ખબર પડવી જોઈએ કે, ચીન, જાપાન વગેરે દેશો આ રમતો પર વધારે ધ્યાન કેન્દ્રિત કરે તો ભારતે તેમાં પણ ભારે સ્પર્ધાનો સામનો કરવો પડે.

પહેલી એશિયન ગેમ્સ ૧૯૫૧માં ભારતમાં યોજાયેલી. ભારતે પહેલા એશિયાડમાં ૧૫ ગોલ્ડ મેડલ જીતેલા. પહેલી એશિયન ગેમ્સ કરતાં બહુ વધારે રમતો હવે એશિયન ગેમ્સમાં રમાય છે એ જોતાં ભારતના ગોલ્ડ મેડલની સંખ્યા સતત વધવી જોઈતી હતી પણ એવું થયું નથી. બીજી તરફ છેક ૧૯૮૨માં ચીન એશિયન ગેમ્સમાં પ્રવેશ્યું ને છવાઈ ગયું છે. ૧૯૮૦ પછી વિશ્વમાં સ્પોર્ટ્સની સ્પર્ધાઓમાં ભાગ લેવા માંડેલું. ચીન અત્યારે સ્પોર્ટ્સની દુનિયામાં પણ દાદો છે. ઓલિમ્પિક્સમાં પણ ચીન ટોપ થ્રી દેશોમાં હોય છે ત્યારે આપણે ટોપ ફિફ્ટીમાં પણ નથી હોતા એ જોતાં ભારતે સ્પોર્ટ્સ પર વધારે ધ્યાન આપવાની જરૂર છે. ■ sanjogpurti@gmail.com

# ઊંઘ વિજ્ઞાન : પેરાસીટામોલથી 'કેળાવાદ' સુધી



'કરું પ્રશંસા કઈ રીતે એ ખાનારાની સાથે'

કેળું રાત્રે તો શું વહેલી સવારે ખાઈ ગયો છું.

દુનિયામાં બે પ્રકારના લોકો હોય છેઃ એક જે ઘોરતા હોય છે અને બીજા જે એમને જોઈને બળતા હોય છે. હું બીજા પ્રકારમાં આવું છું, કારણ કે હું સમાચારો સાથે સંકળાયેલો છું. પત્રકાર હોવું એટલે મગજમાં ૨૪ કલાક ન્યૂઝ પટ્ટી ચાલતી હોવી. સતત સમાચાર લખ્યા કરવાના અને એનાથી પણ વધુ એને જીવ્યા કરવાના. સામાન્ય માણસ માટે અકસ્માત એ હેડલાઈન છે, પણ અમારા માટે એ એક 'વળગાળ' છે. ઘણીવાર કોઈ ઘટના આપણને એવી રીતે વળગી જાય છે કે જાણે એણે આપણા મગજમાં ભાડે ઘર ન રાખ્યું હોય! હું સમાજમાં વળગાળ વિરુધ્ધ જરૂર લખું છું, અંધશ્રધ્ધા નિર્મૂલનના લેખો ફટકારું છું, પણ મારે કોઈને એમ કેમ કહેવું કે મને અમુક ઘટનાઓ જ વળગી જાય છે? અને એના કારણે કલાકો સુધી મારી ઊંઘ હરામ થઈ જાય છે. જ્યારે આખું જગત મધરાતે સપનામાં એન્જલીના જોલી કે ઢોસા-સંભારના સપના જોતું હોય, ત્યારે પત્રકાર ઊંઘવું જરૂરી હોય ત્યારે પણ ઊંઘી શકતો નથી. વર્ષોથી આવું જ બને છે. લોકોને એમ હોય કે પત્રકારો ઘટનાઓ સાથે મજા કરે છે, પણ લાગણીશીલ પત્રકારો અનેક ઘટનાઓથી અંદરખાને ખંડાયા કરે છે, એની બહુ ઓછા લોકોને ખબર હોય છે. આવતીકાલે ચૂંટણીનું પરિણામ આવવાનું હોય (અને એક્ઝિટ પોલ ખોટા પડવાના ડર હોય!), કોર્ટનો કોઈ ઐતિહાસિક ચુકાદો આવવાનો હોય, કે કાઈમની કોઈ તડાફડી બોલી જાય એવી ઘટના બની ગઈ હોય... આ તમામ ઘટનાઓના સ્પંદનો મને ઊંઘવા દેતા નથી. મગજમાં એનાલિસિસના એવા ઘોડા દોડે કે ઊંઘ બિચારી ઘોડા નીચે ચગદાઈ જાય!


**ધીસ ઇઝ ધેટ**
નારન બારૈયા

આ સ્થિતિમાં માણસ શું કરે? મેં વર્ષો સુધી એક આઈડિયા અજમાવ્યો હતો. જો કે, હું ના ઊંઘવાની કોઈ સીધી દવા (Sleeping Pills) ક્યારેય લેતો નથી, કારણ કે એમાં તો ડોક્ટરનું પ્રિસ્ક્રિપ્શન જોઈએ અને પત્રકારને પ્રિસ્ક્રિપ્શન લેવા જવાનો ટાઈમ ક્યાં હોય? એટલે મેં દેશી જુગાડ કર્યો હતોઃ ઊંઘ ના આવે તો પેરાસીટામોલની બે થી ત્રણ ગોળી ફાકી જવાની. આમ તો આ ગોળી તાવ માટે છે, પણ પત્રકારના મગજનો તાવ ઉતારવા માટે પણ એ સડસડાટ ઊંઘ લાવી દેતી. પણ સાહેબ, મનમાં પેલો ડર તો રહે જ કે પેરાસીટામોલ કિડનીને નુકસાન કરે છે. મનમાં એ વાત જરૂર હોય કે હું જે દવા ઊંઘ માટે અપનાવી રહ્યો છું તે અલ્ટીમેટલી નુકસાનકારક છે. ક્યારેક વળી પ્રિગાબાલીન દવાનો ઓવરડોઝ પણ કામ આવે છે એનો પણ મને અનુભવ છે. અને જ્યારે પ્રિગાબાલીન ખૂટી જાય ત્યારે એના વિકલ્પે ગાબાપેન્ટિન પણ કામ કરે છે. આ બધું વાંચીને તમને લાગશે કે હું પત્રકાર છું કે ફાર્માસિસ્ટ? પણ સાચું કહું તો, સમાચારની દુનિયામાં ટકી રહેવા માટે અમે શરીરને કેમિકલની ફેક્ટરી બનાવી દીધું હતું. પણ હમણાં હમણાં છેલ્લા કેટલાક સમયથી મને કુદરતનું એક નવું રહસ્ય જાણવા મળ્યું. આ રહસ્ય શોધવામાં મારા પરમ મિત્ર અને માર્ગદર્શક બુબૂનો મોટો હાથ છે. બન્યું એવું કે, મોડી રાત્રે ખાવાનું કંઈ બચ્યું નહોતું. ભૂખ અને ઊંઘ વચ્ચે યુધ્ધ ચાલતું હતું. રસોડામાં તપાસ કરી તો આપણી વાડીના બગીચાના કેળાં હાજર હતા. અને બુબૂ, તને ખૂબ ભાવતા પોપૈયા પણ ત્યાં હાજર હજૂર જ હતા. મેં વિચાર્યું કે ગોળીઓ ગળવા કરતા આ કુદરતી લાકડીઓ (કેળા) કેમ ન અજમાવાય?

મેં પ્રયોગ કર્યો. ત્રણ કેળાનો ડોઝ લીધો અને ચમત્કાર! મને એવી ઊંઘ આવી ગઈ કે જાણે હું કુંભકર્ણનો પિતરાઈ ભાઈ ન હોઉં! આજે સવારે જાગીને તરત જ નાસ્તો બનાવવાની મને આળસ ચડી (જે પત્રકારોનો જન્મસિધ્ધ અધિકાર છે). એટલે ફરીથી ત્રણ કેળા ઝાપટી ગયો. આરામ માટે ખાટલામાં પડવાનું મન થયું અને અરેરે... જબરદસ્ત ઊંઘ આવી ગઈ! બે-ત્રણ સપનાઓ પણ હાઈ-ડેફિનેશન (HD) માં રિલીઝ થઈ ગયા. સપના જોવાની એવી મજા પડી ગઈ કે મને થયું, આ તો ઓસ્કાર વિજેતા ફિલ્મ જેવો અનુભવ છે! બુબૂ, મેં તો ઊંઘવાની ઓર્ગેનિક દવા શોધી કાઢી છે! આ કોઈ કેમિકલ નથી, આ તો પ્રકૃતિનું વરદાન છે. આનાથી શરીરને કોઈ નુકસાન કે આડઅસર થતી નથી. ઉલટું, મેં તો ત્યાં સુધી સાંભળ્યું છે કે કેળામાંથી ઈન્સ્યુલિન પ્રગટ થાય છે! હા, ભલે આ વાત મેડિકલ બુકમાં ન હોય, પણ મારા અનુભવની લેબોરેટરીમાં તો આ સત્ય છે. ઉપરાંત, વિટામિન બી-સિક્સ (B6) પણ કેળામાં હાજરાહજૂર હોય છે.

આનો સીધો મતલબ એ થયો કે જે લોકો પર 'ડાયાબીટેશ્વર મહાદેવ' ના તાંડવની અસર સતત રહેતી હોય, એટલે કે જેમના લોહીમાં ખાંડના ઉછાળા આવતા હોય, એવા લોકોને પણ કેળા ખાવામાં કોઈ પ્રોબ્લેમ નથી આવતો. કેળા તો ઈન્સ્યુલિનનું કારખાનું છે, એટલે ડાયાબિટીસવાળા પણ હવે નિફિક્ર થઈને કેળાવાદી બની શકે છે! ચાલો બબુડા નાથ! હવે સમય પાકી ગયો છે. વિશાળ જનહિતાર્થે મહાન લેખક અને વૈજ્ઞાનિક પત્રકાર નારન બારૈયાની આ શોધને વિશ્વ સમક્ષ રજૂ કરો.

હવે ઊંઘવાની મોંઘીદાટ દવાઓ બનાવતી મલ્ટીનેશનલ કંપનીઓને ભલે કરોડોની ખોટ જાય, આપણે તો સમાજને 'કેળાવાદી' બનાવી મૂકવો છે. જે લોકો ફક્ત ઊંઘવા માટે જ દારૂના પેગ ભરે છે, જેમના સોફા નીચે ખાલી બોટલોનો ખડકલો છે, એવા શોખીન લોકોને પણ કેળાવાદની ફિલોસોફી સમજાવો. ભલા માણસ, દારૂ પીને લથડિયાં ખાવા કરતાં ત્રણ કેળા ખાઈને સપનામાં લથડિયાં ખાવા શું ખોટા છે? ઊંઘની દવાની જરૂર અત્યારે વિશ્વમાં ઠેર-ઠેર છે. વોશિંગ્ટનથી લઈને વડોદરા સુધી અને લંડનથી લઈને લાઠી સુધી. આ દવાને સર્વસુલભ બનાવી મૂકો.

આપણે એવો કેળાવાદી સમાજ બનાવવો છે જ્યાંઃ ઊંઘ દવાવાદી ડોક્ટરોની ડિગ્રીઓ શોભાના ગાંઠિયા જેવી બની જાય.

ફાર્મા કંપનીઓના ધંધાઓનું વિસર્જન થાય.

લોકો મેડિકલ સ્ટોરના બદલે રેકડીવાળા પાસે લાઈન લગાવે.

અંતિમ અપીલઃ

આજથી ડોક્ટરોના અઘરા અક્ષરોવાળા પ્રિસ્ક્રિપ્શન લઈને ફાર્માસિસ્ટો કે મેડિકલ સ્ટોરો સુધી ધક્કા ખાવાની જરૂર નથી. બસ, તમારી વાડીમાં કે તમારા બગીચામાં જ કેળના ઝાડ ફટાકારો. અને જો વાડી ન હોય, તો મેડિકલ સ્ટોરને બદલે પેલી રેકડી ઉપર ગોઠવાયેલો ફળફળાદીનો સ્ટોર શોધી લો. એ ગરીબ રેકડીવાળાને બે પૈસાનો ધંધો કરાવો અને તમે શાંતિની ઊંઘ માણો.

યાદ રાખજો, કેમિકલની ગોળી કિડની તોડશે, પણ કેળાની લારી ઊંઘ જોડશે! બોલો, શ્રી કેળેશ્વર મહાદેવની જય!

જય હો કેળાવાદ! ■ naranbaraiya277@gmail.com

# ગાંધી, શાસ્ત્રીજી અને સરદાર ઓક્ટોબર માસની અસ્મિતા.



ભારતની ભવ્ય અને દિવ્ય ભૂમિ પર અનેક સંતો, મહાત્માઓ, રાષ્ટ્રભક્તોએ જન્મ લીધો છે.જ્યોતિષ શાસ્ત્રીઓ એવું કહે છે કે ઓક્ટોબર માસમાં જન્મેલા વ્યક્તિઓ સ્ટ્રોંગ અને જીવનના દરેક ક્ષેત્રમાં પ્રગતિ કરવામાં અગ્રેસર હોય છે. દેશના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીનું જીવન અને કવન યુવા પેઢીને શીખવા જેવું છે. અહિંસાની જ્યોત અને સત્યનો પ્રકાશ એટલે મહાત્મા ગાંધીજી. ૨ ઓક્ટોબર ૧૮૬૯ માં પોરબંદરમાં તેમનો જન્મ થયો હતો. વિદ્યાર્થી અવસ્થામાં સામાન્ય વ્યક્તિત્વ હતું. સત્યવાદી હરિચંદ્રના નાટકોની તેમના માનસ પર જબરજસ્ત અસર થઈ. સત્ય અને અહિંસાના માર્ગે જીવન જીવવું તે માર્ગે આગળ વધતા ગયા. પોરબંદર અને રાજકોટમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. બેરિસ્ટર બન્યા પછી શેખ અબ્દુલ્લાનો કેસ લડ્યા. આફ્રિકામાં રંગભેદની નીતિ ફર્સ્ટક્લાસ ની ટિકિટ લીધી હોવા છતાંય ગોરા લોકો દ્વારા ટ્રેનમાંથી ઉતારી દીધા અને આફ્રિકામાં સત્યાગ્રહની શરૂઆત કરી. જોહાનિસબર્ગ અને ફિનિક્સમાં આશ્રમ ઊભો કર્યો. રસ્કિન અને ટોલ્સટોયના અન ટુ ધી લાસ્ટ જેવા અનેક પુસ્તકોની તેમના માનસ ઉપર જબરજસ્ત અસર થઈ.સૌપ્રથમ સત્યાગ્રહની શરૂઆત રંગભેદનીનીતિ વિરુધ્ધમાં કર્યો. ભારત આવ્યા પછી તેમણે ભારતની ગરીબીનું મુખ્ય કારણ અંગ્રેજોની શોષણભરી નીતિ જવાબદાર છે.

**સામાજિક અને શૈક્ષણિક**
ડો. વિપુલ.ડી. પટેલ
(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

ખેડા સત્યાગ્રહ, ચંપારણ સત્યાગ્રહ,બોરસદ અને બારડોલી સત્યાગ્રહ, દાંડીકૂચ અને હિંદ છોડો આંદોલન દ્વારા દેશમાં આઝાદી મેળવવા માટે અહિંક આંદોલન શરૂ કર્યા. લાખો લોકોને સ્વરાજ્ય મેળવવા માટે અહિંસાના પાઠ શીખવ્યા.ગાંધીજી પોતાની અડધી જિંદગી જેલમાં રહ્યા. ગાંધીજી પાસે સૌથી મહત્વનું શસ્ત્ર ઉપવાસ હતું.બ્રિટિશ વાઈસરોય અને અમલદારો ગાંધીજીની ધરપકડ કરવાની હોય તો તે પૂર્વે પરિસ્થિતિનો તાગ મેળવી લેતા હતા.ચંપારણ સત્યાગ્રહ વખતે તેઓ ત્યાં ગયા ત્યારે કસ્તુરબા પણ જોડે હતા. ચંપારણની મહિલાઓ એટલી બધી ગરીબ હતી કે પોતાના કપડા જે પહેરેલા હોય તે ધોઈ નાખે ત્યાં સુધી નગ્ન રહે અને ત્યારબાદ તે જ કપડા પહેરે તેનું વાસ્તવિક ચિત્ર કસ્તુરબાએ ચંપારણમાં જોયું.આ વાત બાપુને કરી તે દિવસથી ગાંધીજીએ નક્કી કર્યું કે મારા ભારતીયને સંપૂર્ણ કપડા પહેરવા નહીં મળે ત્યાં સુધી હું માત્ર પોતડી પહેરીશ. ગાંધીજી અને ક્રાંતિકારીઓએ બ્રિટિશ સરકારના પાયા હલાવી નાખ્યા અને દેશ ૧૫ મી ઓગસ્ટ ૧૯૪૭ના રોજ આઝાદ થયો.આજે ગાંધી મેળવવા લોકો અનીતિ અને ભ્રષ્ટાચાર કરે છે. ગાંધી ખુરશી મેળવવાનો માર્ગ બની ગયો છે ગાંધીજીના ૧૧ વ્રત સાચું જીવન છે.ગાંધીજીના બુનિયાદી શિક્ષણના વિચારો આજના સ્પર્ધાત્મક યુગમાં અનિવાર્ય છે.સાચું ભારત ગામડામાં છે. હિન્દુસ્તાનના ખેડૂતો આ દેશના રાજા છે. સાચો વૈષ્ણવ બીજાની પીડા જાણે તે છે. ગાંધીજીની દુનિયાના બધા જ દેશોમાં પ્રતિમા છે. ગાંધી ન ભૂતો ન ભવિષ્યતી છે..

દેશના બીજા વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રી સાદાઈની સીમા અને પ્રમાણિકતાનો પર્યાય રહ્યા. વામન કદમાં વિરાટ સ્વરૂપ ધરાવતા શાસ્ત્રીજીએ જય જવાન.. જય કિસાન..ના સૂત્ર દ્વારા ભારતની કૃષિમાં હરિયાળી ક્રાંતિ લાવવાનું અદભુત કાર્ય કરી બતાવ્યુ. ગાંધીજીના પટ્ટશિષ્ય રહ્યા તેમણે હોદ્દા કરતા રાષ્ટ્રસેવાને પ્રાધાન્ય આપ્યું. સરકારી મિલકતનો ક્યારે પણ પોતાના માટે ઉપયોગ કર્યો નથી. શાસ્ત્રીજીએ પારિવારિક, સગાવાદથી દૂર રહી સેવા બજાવી. શાસ્ત્રીજીને દેશના વડાપ્રધાન તરીકે શપથ લેવાના હતા તે સમયે તેમનો ઝભ્ભો ફાટી ગયેલો હતો ત્યારે તેમની ધર્મ પત્નીએ કહ્યું કે તમે હવે દેશના વડાપ્રધાન બનવા જઈ રહ્યા છો. ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે મારા લાખો ખેડૂતોના કપડા ફાટેલા હોય એટલે તે તમે સાંધી દેશો એટલે ચાલશે.આવા રાષ્ટ્રભક્તો આ દેશની અસ્મિતા છે.

અખંડ ભારતના સર્જક સરદાર વલ્લભભાઈ પટેલની ૩૧મી ઓક્ટોબરના રોજ જન્મ જયંતી છે.૫૬૨ દેશી રાજ્યોનું ભારતીય સંઘમાં વિલીનીકરણ કરનાર વિશ્વ યુગપુરુષ તેમના રચનાત્મક અને રાષ્ટ્રસેવાના કાર્યો થકી લોક હૃદયમાં સમ્રાટની જેમ જીવંત છે.કરમસદના કર્મયોગીની વિરાસતએ આપણો વારસો છે. વિકટ પરિસ્થિતિમાં દેશની નૌકા જેના શિરે હતી તેવા પ્રથમ ગૃહપ્રધાન તરીકે અખંડ ભારતના સર્જક તરીકે કરેલા કાર્યો સદીઓ સુધી ભારતને સરદાર પટેલની યાદ અપાવશે. સોકત અલીએ કહ્યું છે બરફમાં જ્વાળામુખી જેવું વ્યક્તિત્વ સરદાર પટેલનું હતું. ૪૩ વર્ષ સુધી ભારતના રાજકારણમાં રહીને દેશની અસ્મિતાને રાષ્ટ્ર ભક્તિમય બનાવ્યુ.ગાંધીયુગના સરદાર, શાસ્ત્રી તેમજ અનેક સૈનિકો રાષ્ટ્રભક્તિના રંગે રંગાયા અને દેશને આઝાદી અપાવી.

ઓક્ટોબર માસ એટલે દેશના ત્રણ મહાપુરુષોની જન્મ જયંતી. તેનો સારાંશ લેખ સ્વરૂપે મારા વાચક વર્ગ સમક્ષ મુકતા આનંદ થાય છે અને હું સરદાર પટેલનો પરમ ભક્ત છું કારણ કે સરદાર મારા રોલ મોડલ છે. મેં તેમના ઉપર પીએચડી કર્યું છે.સરદારના વંશજો હોવાથી અમારામાં તેમના જેવા એકાદ બે ગુણો આવે એ જ સૌથી મોટી ભક્તિ છે.. જય સરદાર..જય સરદાર ■ Mo.9825702282

# ત્વચાની સમસ્યા માત્ર બહારની નથી, ત્વચા શરીરના સ્વાસ્થ્યનો અરીસો છે



ખીલ, એલર્જી, ખંજવાળ અને પિગ્મેન્ટેશન જેવી સમસ્યાઓમાં યોગ્ય નિદાન કેમ જરૂરી છે?

આજની બદલાતી જીવનશૈલીમાં ત્વચાની સમસ્યાઓ ખૂબ સામાન્ય બની રહી છે. ખાસ કરીને યુવાનોમાં ખીલ (**Acne**), પિગ્મેન્ટેશન, એલર્જી, ખંજવાળ, એક્ઝિમા, સોરાયસિસ અને વારંવાર થતા રેશ જેવી સમસ્યાઓ જોવા મળે છે.

ઘણા લોકો ત્વચાની સમસ્યાને માત્ર સૌંદર્ય સાથે જોડે છે અને તરત જ કોઈ ક્રીમ અથવા ઘરગથ્થુ ઉપાય શરૂ કરી દે છે. પરંતુ દરેક ત્વચાની સમસ્યાનું કારણ એકસરખું હોતું નથી.

ત્વચા આપણને શરીર વિશે શું કહે છે?

ત્વચા શરીરનું સૌથી મોટું અંગ છે. શરીરમાં થતા કેટલાક આંતરિક ફેરફારો ત્વચા પર પણ દેખાઈ શકે છે.

ઉદાહરણ તરીકે, હોર્મોનલ ફેરફારો, તણાવ, ઊંઘની અછત અને જીવનશૈલીના ફેરફારો કેટલાક લોકોમાં **acne** વધારવામાં ભૂમિકા ભજવી શકે છે. કેટલીક ત્વચા સમસ્યાઓમાં એલર્જી, ઈન્ફેક્શન અથવા અન્ય તબીબી કારણો પણ હોઈ શકે છે.



હોમિયોપેથીક
ડો. જીતેન્દ્ર પટેલ
સહ લેખીકા :
ડો. નંદિની જોટાંગિયા

એટલે માત્ર બહારથી દેખાતા લક્ષણને જોઈને સારવાર શરૂ કરવાને બદલે યોગ્ય **diagnosis** અને વ્યક્તિગત તબીબી મૂલ્યાંકન ખૂબ મહત્વપૂર્ણ છે.

હોમિયોપેથી અને ત્વચાની સમસ્યાઓ

હોમિયોપેથીમાં દર્દીના લક્ષણો અને વ્યક્તિગત તબીબી ઈતિહાસને ધ્યાનમાં લઈને દવા પસંદ કરવાની પરંપરા છે.

ત્વચા સંબંધિત વિવિધ સમસ્યાઓમાં હોમિયોપેથી અંગે **clinical research** કરવામાં આવ્યું છે. જોકે દરેક ત્વચા **disease** માટે હોમિયોપેથી અસરકારક છે એવો દાવો કરવો વૈજ્ઞાનિક રીતે યોગ્ય નથી. ઉપલબ્ધ સંશોધનના પરિણામો પરિસ્થિતિ પ્રમાણે અલગ છે અને કેટલીક પરિસ્થિતિઓમાં વધુ ગુણવત્તાયુક્ત સંશોધનની જરૂર છે.

આથી દર્દીએ સાચું **diagnosis**, યોગ્ય **medical advice** અને **evidence-based care**ને પ્રાથમિકતા આપવી જોઈએ.

ખીલ માત્ર ''ઓઈલી સ્કિન''ને કારણે જ થાય છે?

ના. ખીલના કારણોમાં **excess sebum, clogged proes, hromonal changes, inflammation** અને **genetic factros** સહિત અનેક પરિબળો હોઈ શકે છે.

ખાસ કરીને વારંવાર અથવા ગંભીર **acne** હોય ત્યારે માત્ર **cosmetic products** બદલતા રહેવાને બદલે તબીબી સલાહ લેવી યોગ્ય છે.

ત્વચા માટે કેટલીક સરળ કાળજી

- દિવસ દરમિયાન યોગ્ય **sunscreen**નો ઉપયોગ કરો.
- ત્વચાને વારંવાર ઘસવાનું ટાળો.
- તમારી **skin type** પ્રમાણે **gentle cleanser** પસંદ કરો.
- અજાણી **fairness** અથવા **steroid-containing combination creams**નો સ્વમેળે લાંબા સમય સુધી ઉપયોગ ન કરો.
- પૂરતી ઊંઘ અને સંતુલિત આહાર પર ધ્યાન આપો.
- વારંવાર થતી અથવા વધતી ત્વચાની સમસ્યા માટે **qualified medical professional**ની સલાહ લો.

ખાસ સંદેશ

''સુંદર ત્વચા એટલે માત્ર ગોરી ત્વચા નહીં; સ્વસ્થ, સંભાળેલી અને યોગ્ય રીતે નિદાન થયેલી ત્વચા જ સાચી સુંદરતા છે.''

ત્વચાની દરેક સમસ્યા માટે એક જ સારવાર યોગ્ય નથી. વ્યક્તિ પ્રમાણે કારણ, લક્ષણો અને સારવારની જરૂરિયાત અલગ હોઈ શકે છે.

સમસ્યાને માત્ર છુપાવવાને બદલે તેને સમજવાનો પ્રયત્ન કરો.

---

**● ASK THE DOCTOR**

પ્રશ્ન: ''મને વારંવાર પિમ્પલ્સ થાય છે. શું માત્ર **face wash** બદલવાથી સમસ્યા દૂર થઈ શકે?''

જવાબ: દરેક વખતે નહીં. **Acne** પાછળ **hromonal changes, skincare habits, genetics** અને અન્ય પરિબળો હોઈ શકે છે. વારંવાર અથવા ગંભીર **acne** હોય તો યોગ્ય તબીબી મૂલ્યાંકન કરાવવું વધુ યોગ્ય છે.

# જ્યારથી બકાએ ટી.વી.મા હમાચાર હાંભળ્યાં, 'એ.આઈ.એ હાહાકાર મચાવ્યો છે



જ્યારથી બકાએ ટી.વી.મા હમાચાર હાંભળ્યાં , 'એ.આઈ.એ હાહાકાર મચાવ્યો છે. એ.આઈ સો કરોડ લોકોને ભરખી જનાર છે. વિગેરે..વિગેરે..' ત્યાંરથી એની ઊંઘ ઉડી ગઈ છે. એ વારંવાર જાણવાની કોશિશ કરે છે કે, 'આ એ.આઈ. છે શું??

કોઈ નવો રોગ છે? કોઈ નવું જાનવર છે? કોઈ વિદેશી માણસ છે? જંગલી પ્રાણી છે? કે પછી, આકાશમાંથી ઓલ્યુ એલીયન આવે ઈ છે!??'

હતું એટલું હંધૂય મગજ કામે લગાડ્યું પણ જવાબ નો મળ્યો એટલે નો જ મળ્યો.

હવાર હવારમાં હજી નાયો નો નાયો બાજુવાળાનું છાપું હાથમાં લીધું. ત્યાં નજરે હમાચાર ચડ્યાં.

'એ.આઈ.ને પાર્ટનર બનાવીને દક્ષિણ કોરિયામાં અનોખો ડેટિંગ શો શરૂ થયો.'

આ શોમાં રમનારને પોતાની હગી ઘરવાળી કરતાં 'ય આ પાર્ટનર વધારે નજીક અને રોમાંચકારી લાગે.

બકો રાતનો રઘવાયો -રઘવાયો હતો. એમાં આ હમાચારે વધારે રઘવાયો કર્યો. અને હુહવાટ ભર્યો ઉપડ્યો બનેવીલાલ પાંહે.

બનેવીલાલ અને અભણ અમથાલાલ ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારની ખુરશી જશે કે ઉની આંચ પણ નહીં આવે. એની ગહન ચર્ચા કરી રહ્યા હતાં.

બકાએ આવતાં વેંત જ પોતાનો ઉભરો ઠાલવ્યો.

'બનેવીલાલ! આ એ.આઈ. વળી કંઈ બલા છે? એ પુરુષ છે કે સ્ત્રી છે? કે પછી કોઈ જાનવર છે??'

'કેમ? તારે અને એ.આઈ.ને શું લાગે વળગે? તારે તંણ ટાઈમ રોટલા ટીપીને ખાવાં હોય. એમાં આ એ.આઈ. વચ્ચે ક્યાં આવ્યું?'

'મારે એની હારે કાંઈ કરતાં કાંઈ લાગતું વળગતું નથી. પણ, આ ટી.વી. વાળાએ ઉપાડો લીધો છે, એ. આઈ. સો કરોડ લોકોને ભરખી જાહે. એટલે બીક તો ભુંડી છે. ક્યાંક આપણો નંબર...



લાગે તો તીર..
કાળુભાઇ ભાડ

પણ.., એ તો કહો.. આ છે કંઈ બલા!??'

'આ બલા એવી છે..એ.. ,પકડ ગલાં જેવી છે. હારાં હારાંને ઝપેટમાં લઈ લે છે. અને એમાં એનો વાંકેય નથી. માણસે પગ ઉપર કુહાડો નથી માર્યો.. કુહાડા ઉપર પગ માર્યો છે. મતલબ મૂક્યો છે. હવે કુહાડો તો એનું કામ કરશે જ.'

'હા પણ..! આ છે શું? ઈ તો જરાં મને હમજાવો.' 'ક્યાંક હામું મળે તો રસ્તો તરી જવાય.'

'ઈ ,નો કરવાનાં હંધાય કામ કરે છે. (ઓલી માથાં ભારે બૈરી ધણી ઉપરવટ જઈને કામ કરે એમ)થઈ થાવાના કામેય ઈ કરે છે. અને ચપટી વગાડતાં જ કરે છે. તું વધારે ટાઈમ મોબાઈલ મચકોડે છે? ' 'હાં...આ...આ....!!'

'તો તું બચી હકવાનો નથી. આજે નહીં તો કાલે ઈ તારું ગળું પકડી જ લેશે. એની નજર ચોવીસ કલાક તારાં ઉપર જ હોય છે.'

'અરે પણ.., એ મને હું કામ જોવે છે? હું ક્યાં રૂડો રૂપાળો કાન કુંવારો છું??'

'તારી ઉપર એટલે? તારાં ખીસ્સા ઉપર એની નજર છે. તું કેટલો ડેટા વાપરે છે? એની ઉપર એની નજર છે.'

'આ તમે બનેવીલાલ નવું લાયા..!!'

'અમથાલાલ! આને ઓલ્યા ચીનની વાત કરો તો!!'

બનેવીલાલે દડો અમથાલાલની કોર્ટમાં ઘા કર્યો.

'હાંભળો.. હાંભળો..લોકો કહે છે ને કે, પ્રેમ આંધળો હોય છે. તો અહીં આંધળો તો શું.. બુધ્ધી વગરનો 'ય હોય છે. '

'એક નવી એપ આવી છે.' **Claude AI** 'ડેટિંગ એપ ચીનની એન્થોપિક કંપની.'

'કહેવાય છે કે, આ એપ દ્વારા પચ્ચીસ હજાર લોકો (આંધળાઓ) માત્ર પંદર જ દિવસમાં **AI** યુવતીનાં પ્રેમમાં પડ્યાં. એનાં નામ હતાં..ડોરા,ડોન,રોમી,લૂમાં,જોવિયા,કિરા,હેવન,

જાલો,લોપિયા વિગેરે.. વિગેરે.'

'નો હમજાણું..!! આટલાં બધાં નામ ? એની ફઈ જોરદાર લાગે છે.!!'

'ફઈ બઈ મારી ફરે. ન્યા ફઈને આવો ક્યાં ટાઈમ જ છે. ફઈ તો કેટ- કેટલાં 'ય ફુવા હારે રખડતી હશે.આ તો કમાલ હતો છેં નો.'

'વળી પાછું છેં ? આ વળી કઈ બલા છે? તેં..એ..વારે ઘડીએ ગલાં પકડે છે.'

'હા..આ..! એણે જ તો આ હંધાય ને ધંધે લગાડ્યાં તા. એક જ સ્ટુડિયોમાં આ હંધૂય હાલતું તું. ૪૭૦૦ થી વધારે પ્રોફાઈલ બનાવી. પંદર જ દિવસમાં પચ્ચીસ હજાર લોકોએ આને 'ડેટિંગ પાર્ટનર' બનાવી. કોઈએ ડોરાને તો કોઈએ રોમીને, જોત- જોતામાં ચોવીસ લાખ મેસેજનો ખડકલો કરી દીધો. અને હંધાય એની વાંહે પડી ગ્યા. જાણે જગ જીતી ગ્યા.'

'તો..તો.. હેં અમથાલાલ ! ઓલી ગોરી ગોરી મેડમો ડોરા અને કિરા ઈ હંધીય આનો જવાબ આપી આપીને લોથ પોથ થઈ ગઈ હશે નઈ..!!

અને.. આ ડોરા..હેવનને આમાં મળે હું.. !?'

'તમે હજી નો હમજયાં !?'

'નાં..આ..!!'

'ન્યા ડોરા..હેવન કે રોમી, હતી જ નહીં. આ હંધીય કમાલ ઓલ્યા **AI** ની હતી. અને તમારે એની હારે વાત કે ચેટ કરવાં માટે કોઈન્સ ખરીદવા પડે.

અને આવાં કોઈન્સ ખરીદવા માટે પચ્ચીસ હજાર આંધળાઓએ પડાપડી કરી દીધી.'

'તો..તો.. હેં અમથાલાલ! સરવાળે આ પચ્ચીસે પચ્ચીસ હજાર આંધળાઓ મોટાં ખાડામાં ખાબક્યા ને..!!?? (તમારી આજુબાજુ આવું કોઈ છે?) ■

kalubhaibhad123@gmail.com

# ફેસને અનુરૂપ કરો મેકઅપ



ચહેરાની સુંદરતા માત્ર મેકઅપ થી જ નથી નિખરતી, બલ્કે ચહેરાનો આકાર પણ મુખ્ય ભાગ ભજવે છે. એટલે, એ બહુ જરૂરી છે કે તમે તમારા ચહેરાના આકાર મુજબ મેકઅપ કરો.. જેથી તમે લાગો.. ગોર્જિયસ..!

ગોળ ચહેરો

મેકઅપ: મેકઅપ દરમિયાન ત્વચા સાથે મેળ ખાતા ફાઉન્ડેશનનો ઉપયોગ કરો. ગાલની બહાર ઘેરા (ડાર્ક) શેડનું ફાઉન્ડેશન લગાવો, પછી બ્લશર લગાવો જેથી ગાલ થોડા ઉભરેલા લાગે. ચીકબોન પર આઈશેડો ઈયર લગાવીને હાઈલાઈટ કરો. ગોળ ચહેરા પર થોડુંક મોટું લાઈનર સારું લાગે છે, એટલા માટે બે શેડ માં લાઈનર લગાવો. હાઈ પર લાઈટ (આછો) શેડની નેચરલ લિપસ્ટિક લગાવો.



પ્રવાસનામા
જયસ્વી પટેલ

હેર: આપના ફેસ પર બોબ કટ હેરસ્ટાઈલ વધુ જચશે. જો બોબ કટ ન રાખવા ઈચ્છતા હો, તો નાના હેર રાખો. તમે સાઈડ પાર્ટિંગ કરીને અને વાળને ખુલ્લા રાખીને પણ હેરસ્ટાઈલ બનાવી શકો છો.

જ્વેલરી: આપના ફેસ પર પર્લ જ્વેલરી વધુ સારી લાગશે, એ માટે લોંગ પર્લ નેકલેસ પસંદ કરો કે પછી લોંગ ઈયરરિંગ્સ પહેરો.

લાંબો ચહેરો

મેકઅપ: જો ચહેરો લાંબો હોય તો ત્વચા સાથે મેચ થતું ફાઉન્ડેશન લગાવો. માથા અને ગાલ પર આછો ડાર્ક શેડનું ફાઉન્ડેશન લગાવો, પછી બ્લશર લગાવો. બ્લશર વધુ ડાર્ક ન લગાવો. આંખો પર આઈલાઈનર થોડું પાતળું લગાવો. લિપસ્ટિક લગાવતાં પહેલાં હોઠ પર આઉટલાઈન કરો અને પછી બ્રશ દ્વારા લિપસ્ટિક લગાવો.

હેર: જો વાળ લાંબા હોય તો હાઈ પોનીટેલ બનાવો કે પછી વાળ થોડા ઓછા લાંબા હોય તો બ્લંટ વિથ ફ્રન્ટ લેયર સ્ટાઈલમાં વાળ રાખો કે પછી માથા પરથી બધાં વાળને સમેટીને પીન કરો.

જ્વેલરી: જ્વેલરી પહેરતી વખતે હંમેશાં ઈયરરિંગ્સની પસંદગી કરો અને પહોળા ઈયર રિંગ્સની પસંદગી કરો. લોંગ અને રાઉન્ડ ટોપ્સ પણ લાંબા ચહેરા પર જામે છે.

ઇંડાકાર ચહેરો

મેકઅપ: આ ફેસ પર હળવો મેકઅપ બહુ જ નિખરી ઉઠે છે, એટલા માટે જ્યારે પણ મેકઅપ કરો તો લાઈટ શેડ્સ જ પસંદ કરો. ફાઉન્ડેશનની પસંદગી ત્વચાના શેડ અનુસાર કરો. બ્લશર થોડું ઓછું લગાવો. આંખો પર લાઈનરને...

...બદલે કાજલનો પણ ઉપયોગ કરો, પછી લાઈટ લિપસ્ટિક લગાવો.

હેર: જો વાળ સીધા હોય તો લેયર કટ રાખો, એનાથી ફેસની સુંદરતા વધુ નિખરી ઉઠે છે.

જ્વેલરી: આપના ફેસ પર દરેક પ્રકારની જ્વેલરી સારી લાગે છે. હેંગિંગ ઈયરરિંગ્સ આપના ફેસ પર વધુ સારા લાગે છે.

ચોરસ ચહેરો

મેકઅપ: આ પ્રકારના ચહેરાવાળાઓ એ હંમેશાં ડાર્ક (ઘેરા) રંગનું ફાઉન્ડેશન વાપરવું, પછી બ્લશર લગાવવું. બ્લશર ગાલ થી નીચેની તરફ લઈ જતાં, ઉપરની તરફ લગાવો. આંખોની સુંદરતાને ઉભારી રજૂ કરવા માટે કાજલ કે આઈલાઈનરમાંથી કોઈ એકનો ઉપયોગ કરો, પછી લિપસ્ટિક તમને ગમતી પસંદગીની લગાવો.

હેર: આપના ફેસ પર લોંગ હેરકટ વધુ સારા લાગે છે, એટલા માટે સાઈડ કે ફ્રન્ટ પાર્ટિંગ કરીને હેર સ્ટાઈલ્સ બનાવી શકો છો.

જ્વેલરી: આપના ચહેરા પર લાંબા ઈયરરિંગ્સ વધુ સારા લાગે છે. જો એ ન પસંદ હોય તો રાઉન્ડ ઈયરરિંગ્સ પણ સારા લાગશે. ■

sanjogpurti@gmail.com

# લાડુ સાથે ધમાચકડી !



''અરે વાહ! આટલો મોટો લાડુ! આજે તો લાડુ ખાવાની મજા પડી જશે!'' કીટ્ટુ ખુશ થઈને બોલી. ગોળમટોળ લાડુ જોઈને કીટ્ટુના મોઢામાં પાણી આવી ગયું.

એક દિવસ સવારે કીટ્ટુ ફરવા નીકળી હતી. ચાલતાં ચાલતાં તેને રસ્તામાં એક મોટો, ગોળમટોળ લાડુ દેખાયો. કીટ્ટુ કીડી બહુ જ મસ્તીખોર હતી. તેને રમવું, કૂદવું અને બધાંને હસાવવાં બહુ જ ગમતું.

ગોળમટોળ લાડુ જોઈને તેને મસ્તી સૂઝી. કીટ્ટુએ લાડુને ધક્કો માર્યો. પણ લાડુ જરાય હલ્યો જ નહીં! તેણે ફરી ધક્કો લગાવ્યો. પણ આ તો ગોળમટોળ લાડુ! એમ કાંઈ હલે ખરો! ન હલ્યો તે ન જ હલ્યો!

કીટ્ટુ બોલી, ''અરે લાડુભાઈ! તમે આટલા ભારેભારે કેમ થઈ ગયા છો? લાગે છે તમે ઘી બહુ પી ગયા છો!''

પછી કીટ્ટુ લાડુ પર ચઢવા લાગી. થોડીક ઉપર ચઢી, ત્યાં જપ ધબ્બ! કીટ્ટુ નીચે પડી ગઈ. તે ફરી ચઢી... ફરી પડી! ચડતી જાય, પડતી જાય!



રે વાર્તા!
મનીષ સુથાર

ત્રીજી વાર ચઢતાં કીટ્ટુ બોલી, ''આ વખતે તો હું લાડુ પર ચઢીને જ રહીશ. લાડુભાઈ, તૈયાર થઈ જાઓ! હું તમને હરાવીને જ ઝંપીશ!''

પણ લાડુ પર ચઢવું એમ સહેલું હતું ખરું! કીટ્ટુ ચઢવા જાય ને લાડુ ગોળગોળ ફરતો જાય! - ગબડ... ગબડ... ગબડ!

કીટ્ટુ પણ લાડુની સાથે ગોળગોળ ફરવા લાગી. - ''અરે બાપ રે! આ તો લાડુ છે કે ચકડોળ? મને નીચે ઉતારો!'' કીટ્ટુ બૂમો પાડવા લાગી. થોડી વારમાં લાડુ અટકી ગયો. કીટ્ટુ પણ અટકી ગઈ. પણ ગોળગોળ ફરીફરીને તેનું માથું ચકરાઈ ગયું હતું.

તે બોલી, ''અરે! હુંય ગાંડી છું! હું તો ભૂલી જ ગઈ કે આ લાડુને તો ખાવાનો છે, એની સાથે ગોળગોળ ફરવાનું નથી!''

કીટ્ટુએ લાડુનો નાનકડો ટુકડો તોડવાનો પ્રયત્ન કર્યો. - કચકચ! પણ લાડુ તૂટ્યો જ નહીં.

કીટ્ટુ બોલી, ''ઓહો! આ તો લાડુ છે કે પથ્થર!''

પછી તેણે એક નાનકડો પથ્થર લીધો અને લાડુ પર માર્યો. - ટક!

આખરે લાડુ તૂટ્યો. કીટ્ટુ ખુશ થઈને બોલી, ''વાહ! હવે મજા પડશે! હવે લાડુની મિજબાની થશે!''

તેણે લાડુનો એક ટુકડો ખાધો. પછી બીજો ટુકડો ખાધો. પછી ત્રીજો ટુકડો ખાધો. ખાતાં ખાતાં તેનું પેટ ભરાઈ ગયું.

કીટ્ટુ પેટ પકડીને બોલી, ''અરે રે! લાડુ તો હજી બાકી છે અને મારું પેટ તો ભરાઈ ગયું!''

એટલામાં જોરથી પવન ફૂંકાયો. - ફૂઉઉઉં!

લાડુ ગબડવા લાગ્યો. કીટ્ટુ લાડુની પાછળ દોડી. - ''ઊભા રહો લાડુભાઈ! મને પણ સાથે લઈ જાઓ!''

લાડુ ગબડતો ગબડતો એક નાનકડા ખાડામાં જઈને અટકી ગયો.

કીટ્ટુ પણ દોડતાં દોડતાં ખાડામાં પહોંચી. તેણે લાડુને ધક્કો માર્યો, પણ લાડુ બહાર આવ્યો નહીં.

કીટ્ટુ બોલી, ''હાય રે! હવે લાડુને બહાર કાઢું કે ઘરે જાઉં?'' થોડી વાર વિચાર્યા પછી તેણે પોતાનાં કીડીમિત્રોને બોલાવ્યાં.

બધી કીડીઓ આવી ગઈ. બધાંએ ભેગાં મળીને ધક્કો માર્યો. - ''એક... બે... ત્રણ... હઈસાપ હઈસા...!'' થોડીવારમાં લાડુ ખાડામાંથી બહાર આવી ગયો.

બધી કીડીઓ ખુશ થઈ ગઈ. બધાંએ ભેગાં મળીને પેટ ભરીને લાડુ ખાધો. ■

Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# મુંબઈમાં ૨,૮૦૫ એપીકે ફાઈલો બનાવી ૯,૬૭૩ થી વધુ લોકો સાથે કરી ઠગાઈ

નવી દિલ્હી,તા.૦૬

મુંબઈના ભાયખલા વિસ્તારમાં સિનિયર સિટીઝન કાર્ડના નામે સાયબર છેતરપિંડીના કેસની તપાસમાં ચોંકાવનારો ખુલાસો થયો છે. પોલીસે ઇન્દોરમાંથી ૩૬ વર્ષીય બી.ટેક ડ્રોપઆઉટ આરોપીની ધરપકડ કરી છે. આરોપીએ અત્યાર સુધીમાં ૨,૮૦૫ એપીકે ફાઈલો બનાવી સાયબર ઠગોને વેચી હોવાનું તપાસમાં બહાર આવ્યું છે. તેમાં




પેન્શન કાર્ડ, લાઈફ સર્ટિફિકેટ, આરટીઓ ચલણ અને ક્રેડિટ કાર્ડ સહિતની વિવિધ સેવાઓના નામે બનાવાયેલી ફાઈલો સામેલ છે.

પોલીસના જણાવ્યા મુજબ, આરોપીએ સીધી છેતરપિંડી કરવાને બદલે આ એપીકે ફાઈલો વિવિધ ઠગોને વેચી હતી. ઠગો આ ફાઈલો દ્વારા પીડિતોના મોબાઈલમાં ઘૂસી વ્યક્તિગત અને બેંકિંગ માહિતી મેળવતા હતા. અત્યાર સુધીમાં ૯,૬૭૩ સંભવિત પીડિતોની ઓળખ થઈ છે, જ્યારે ૧,૦૭૪ ફરિયાદો મળી છે અને ૮૮ એફઆઈઆર નોંધાઈ છે. નોંધાયેલા કેસોમાં રૂ.૧૫.૭૫ કરોડની છેતરપિંડી સામે આવી છે, પરંતુ સમગ્ર નેટવર્કમાં આશરે રૂ.૧૫૦ કરોડની છેતરપિંડી થઈ હોવાની પોલીસને આશંકા છે. સમગ્ર દેશમાં તપાસ ચાલી રહી છે અને વધુ ધરપકડની શક્યતા છે.

# બિહારમાં ભારે વરસાદથી હાહાકાર, ૩૮માંથી ૨૮ જિલ્લાઓ પૂરગ્રસ્ત

નવી દિલ્હી, તા.૦૬

બિહાર, ઉત્તર પ્રદેશ અને મધ્ય પ્રદેશમાં ભારે વરસાદ અને પૂરના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે, જ્યારે મહારાષ્ટ્રના ૧૭ જિલ્લાઓમાં ઓછા વરસાદને કારણે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાઈ છે. બિહારમાં પૂરથી ૩૮માંથી ૨૮ જિલ્લાઓ અસરગ્રસ્ત થયા છે અને આશરે ૬.૮૮ મિલિયન હેક્ટર જમીન પાણીમાં ડૂબી ગઈ છે. ગંડક



નદીના બંધમાં ભંગાણને કારણે સારણ સહિત છ જિલ્લાનાં આશરે ૨૫૫ ગામોનો સંપર્ક તૂટી ગયો છે. લોકોને ઘર છોડીને ઊંચાણવાળા વિસ્તારોમાં આશરો લેવો પડી રહ્યો છે. રાહત સામગ્રી યોગ્ય રીતે ન પહોંચતાં લોકોમાં રોષ ફેલાયો છે.

ઉત્તર પ્રદેશમાં ગંગા, શારદા સહિત ૧૫ નદીઓ ભયજનક સપાટીથી ઉપર વહી રહી છે. લખનૌમાં ગોમતી નદીના પાણીથી અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા છે અને આશરે ૧૦ હજાર લોકોને સ્થળાંતર કરાયું છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પૂરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ સર્વેક્ષણ કર્યું હતું. બીજી તરફ, મહારાષ્ટ્રમાં પાણીની અછતને પગલે સરકારે પાણી પુરવઠામાં ૧૦ ટકાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર કોડીનારને પુના ખાતે યોજાયેલ વર્કશોપમાં મળ્યો શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ

કોડીનાર,તા.૦૬



મહારાષ્ટ્રના પુના ખાતે તા.૨૯ સપ્ટેમ્બરથી ૧ ઓક્ટોબર સુધી વાર્ષિક જોનલ વર્કશોપ યોજાયો હતો. જેમાં ગુજરાત, મહારાષ્ટ્ર અને ગોવાના કેવિકેએ ભાગ લીધો હતો. વાર્ષિક કામગીરી રિપોર્ટ-૨૦૨૫ પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. અધિકારીઓ દ્વારા કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી. જેમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, કોડીનારને શ્રેષ્ઠ કામગીરીનો એવોર્ડ આપવામાં આવ્યો હતો. એવોર્ડ મળતા ખેડૂતો અને સહકર્મીઓમાં ખુશીની લહેર ફેલાઈ હતી.

# હોર્મુઝની સ્ટ્રેટમાં પનામા ધ્વજવાળા વાણિજ્યિક જહાજ પર હુમલો, ૧૨ ક્રૂ સભ્યો ઘાયલ

નવી દિલ્હી, તા.૦૬

ઓમાનના દરિયાકાંઠે હોર્મુઝની સ્ટ્રેટમાંથી પસાર થઈ રહેલા પનામા ધ્વજવાળા વાણિજ્યિક જહાજ પર મંગળવારે હુમલો થયો હતો. વિદેશ મંત્રાલયના જણાવ્યા મુજબ, આ ઘટનામાં ૧૧ ભારતીયો સહિત ૧૨ ક્રૂ સભ્યો ઘાયલ થયા છે. જહાજમાં કુલ ૧૯ ક્રૂ સભ્યો હતા, જેમાં ૧૭ ભારતીય નાગરિકોનો



સમાવેશ થાય છે. ઓમાની સત્તાવાળાઓ અને કોસ્ટ ગાર્ડની મદદથી બચાવ કામગીરી હાથ ધરાઈ હતી અને ઘાયલોને ખાસાબ ખાતે સારવાર માટે ખસેડાયા હતા. ભારતે વાણિજ્યિક જહાજ પરના હુમલાની સખત નિંદા કરી છે. વિદેશ મંત્રાલયે કહ્યું કે જહાજો, નાવિકો અને નાગરિક માળખાને નિશાન બનાવવાનું તાત્કાલિક બંધ થવું જોઈએ. ભારતે આંતરરાષ્ટ્રીય જળમાર્ગોમાં સલામત નેવિગેશન અને વેપાર વહેલી તકે સામાન્ય કરવાની અપીલ કરી છે. અગાઉ ૨૩ સપ્ટેમ્બરે પણ ઓમાનના પૂર્વ કિનારે ભારત આવતા એક વાણિજ્યિક જહાજ પર હુમલો થયો હતો, જેમાં એક ભારતીય નાવિકનું મોત થયું હતું.

# યોગીની હાજરીમાં ભાજપના ૮ રાજ્યસભા ઉમેદવારોએ નામાંકન ભર્યું

લખનૌ, તા.૦૬

ઉત્તર પ્રદેશમાં રાજ્યસભાની ૧૦ બેઠકોની દ્વિવાર્ષિક ચૂંટણીને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. મંગળવારે ભાજપના જાહેર કરાયેલા તમામ ૮ ઉમેદવારોએ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથની હાજરીમાં લખનૌના વિધાનભવન ખાતે એકસાથે ઉમેદવારી પત્રો ભર્યા હતા. ભાજપે ધર્મપાલ સિંહ, રાધાકાંત ઓઝા, પ્રકાશ પાલ, વિદ્યાસાગર સોનકર, ગોપી કૃષ્ણ પાંડે, પ્રિયંકા સિંહ રાવત, રામ પ્રતાપ સિંહ ચૌહાણ અને શ્રુતિ ગંગવારને ઉમેદવાર બનાવ્યા છે. નામાંકન દરમિયાન પ્રદેશ પ્રમુખ પંકજ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક સહિતના નેતાઓ હાજર રહ્યા હતા. કેશવ પ્રસાદ મૌર્યએ ભાજપના તમામ ૮ ઉમેદવારોની જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. બ્રજેશ પાઠકે ઉમેદવારોની પસંદગીમાં સામાજિક સંતુલન જળવાયું હોવાનું જણાવ્યું હતું.

# મોટી કુંકાવાવમાં જીઓના નેટવર્કના ધાંધિયાથી મોબાઈલ ગ્રાહકો પરેશાન

મોટી કુંકાવાવ,તા.૦૬

વડિયા તાલુકાના મોટી કુંકાવાવ ગામમાં છેલ્લા કેટલાક સમયથી જીઓ કંપનીના મોબાઈલ નેટવર્ક અને ઈન્ટરનેટ સ્પીડમાં વારંવાર અડચણો સર્જાતા ગ્રાહકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે. વારંવાર ઓનલાઈન ફરિયાદો કરવા છતાં કંપની દ્વારા યોગ્ય ઉકેલ લાવવામાં આવતો નથી, જેથી



લોકોમાં વ્યાપક અસંતોષ જોવા મળી રહ્યો છે.

વીજ પુરવઠો ખોરવાતા જ મોબાઈલ ટાવરનું નેટવર્ક પણ બંધ થઈ જતું હોવાની ફરિયાદો ઉઠી છે. નેટવર્કની અસ્થિરતાના કારણે સાયબર સુરક્ષા અંગે પણ ગ્રાહકોમાં ચિંતા વ્યાપી છે. મોબાઈલ રીપેરિંગના વેપારીઓ પણ લો કવરેજની સમસ્યા હોવાનું જણાવી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખી જીઓ કંપની તાત્કાલિક યોગ્ય માર્ગદર્શન પૂરું પાડે અને નેટવર્ક ક્ષતિઓ દૂર કરી કાયમી નિવારણ લાવે તેવી સ્થાનિક રહીશો દ્વારા ઉગ્ર માંગ કરવામાં આવી છે.

# દાધીયા અને નવા ગામ જાંબુડા ખાતે સિંચાઈ તથા જળસંરક્ષણના કામો માટે રૂ.૪૫.૦૨ લાખની મંજૂરી

સાવરકુંડલા, તા.૦૬

સાવરકુંડલા -લીલીયા વિધાનસભા વિસ્તારમાં જળસંરક્ષણ અને સિંચાઈ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા રાજ્ય સરકાર દ્વારા બે મહત્વપૂર્ણ કામોને સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવી છે. દાધીયા ગામ તથા નવા ગામ જાંબુડા ખાતે પી. ટી. (તળાવ)ના રિનોવેશનના



કામો માટે કુલ રૂ.૪૫.૦૨ લાખની મંજૂરી મળતા સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં આશા જાગી છે. આ કામો પૂર્ણ થયા બાદ તળાવોની જળસંગ્રહ ક્ષમતા વધશે તેમજ ચોમાસા દરમિયાન વરસાદી પાણીના સંગ્રહમાં મદદ મળશે. સિંચાઈ માટે પાણીની ઉપલબ્ધતા જળવાઈ રહે તે દિશામાં પણ આ કામો મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. તળાવોના રિનોવેશનથી સ્થાનિક જળસ્રોતોના યોગ્ય સંચાલન સાથે ખેતીલક્ષી પ્રવૃત્તિઓને પણ લાભ થવાની અપેક્ષા છે. ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ જણાવ્યું હતું કે, વિસ્તારના વિકાસ સાથે જળસંરક્ષણ અને સિંચાઈ સુવિધાઓને મજબૂત બનાવવી પ્રાથમિકતા છે. મંજૂરી બદલ તેમણે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ તથા જળશક્તિ મંત્રી ઈશ્વરસિંહ પટેલનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

# ઉનામાં ભગતસિંહ એકતા ગ્રુપ દ્વારા શહીદ ભગતસિંહની જન્મજયંતિની ઉજવણી

ઉના,તા.૦૬

ઊના ખાતે ભગતસિંહ એકતા ગ્રુપ દ્વારા તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ દેશના મહાન યુવા ક્રાંતિકારી શહીદ ભગતસિંહની ૧૧૯મી જન્મજયંતિ નિમિત્તે ભવ્ય કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં ગીર સોમનાથ-જૂનાગઢ જિલ્લા કોળીસેનાના પ્રમુખ દીપાબેન બાંભણીયા, ઉપપ્રમુખ મનોજભાઈ બાંભણીયા, ઊના શહેર કોળીસેનાના પ્રમુખ ભાવેશભાઈ સોલંકી, ઉપપ્રમુખ પંકજભાઈ સોલંકી, ઊના તાલુકા યુવા કોળી સંગઠન પ્રમુખ અલ્પેશભાઈ બાંભણીયા સહિત વિજયભાઈ સોલંકી, મયુરભાઈ ડાભી, હસુભાઈ તેમજ કોળીસેનાના



કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભગતસિંહ એકતા ગ્રુપ દ્વારા અગ્રણીઓનું પુષ્પગુચ્છ આપી સ્વાગત અને સન્માન કરવામાં આવ્યું હતું. દીપાબેન બાંભણીયાએ આયોજન બદલ કાર્યકર્તાઓને શુભકામનાઓ પાઠવી હતી.

# રાજુલા-મહુવા રેલવે સેકશનમાં અંડરબ્રિજની કામગીરી શરુ થતા વૈકલ્પિક રૂટનું જાહેરનામું બહાર પડાયું

રાજુલા,તા.૦૬

રાજુલા-મહુવા રેલવે સેકશન વચ્ચે આવેલા લેવલ ક્રોસિંગ નંબર ૧૧૨૭ (કિ.મી. ૧૦૭/૧-૨) ખાતે રોડ અંડરબ્રિજનું નિર્માણ કાર્ય શરૂ કરવામાં આવ્યું છે. આ કામગીરી દરમિયાન વિસ્તારમાં વાહનવ્યવહારની સુચારુ અને સુરક્ષિત વ્યવસ્થા જળવાઈ રહે તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું છે.તમામ ભારે વાહનોએ રાજ્ય ધોરીમાર્ગ નંબર ૨૧ ના આસરાણા ક્રોસ રોડ અને પીપાવાવ થઈને મોટા આસરાણા-નેસવડ-દાતરડી-પીપાવાવ રોડ પરથી પસાર થવાનું રહેશે.કાર અને દ્વિચકી જેવા નાના વાહનો માટે રેલવે ફાટક નંબર ૧૧૨૭ ની ડાબી બાજુએ ૫૦૦ મીટરના અંતરે આવેલા 'ત્રણ નાળા' અંડરબ્રિજ પરથી પસાર થવાની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.આ જાહેરનામું ૨૩ માર્ચ, ૨૦૨૭ સુધી અમલમાં રહેશે.

# ગુજરાત ભાડા વિષયક કાયદા સામે રાજુલા બાર એસોસિએશનનો વિરોધ

રાજુલા,તા.૦૬

રાજ્ય સરકાર દ્વારા પસાર કરાયેલા 'ગુજરાત ભાડા વિષયક અધિનિયમ, ૨૦૨૫' અંગે રાજુલા બાર એસોસિએશન દ્વારા વિશેષ સામાન્ય સભા યોજાઈ હતી. આ બેઠકમાં નવા કાયદાની જોગવાઈઓથી વકીલો, પક્ષકારો અને સામાન્ય નાગરિકોને પડનારી મુશ્કેલીઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી


તસવીર : ગોપાલ રાઠોડ

હતી.સભામાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના વિરોધ દર્શાવતા નિર્ણયને સર્વાનુમતે સમર્થન આપતો ઠરાવ પસાર કરાયો હતો. કાયદામાં યોગ્ય કાયદાકીય સુધારા ન થાય ત્યાં સુધી લોકશાહી ઢબે સશક્ત વિરોધ નોંધાવવાનો નિર્ણય લેવાયો હતો.

# કોડીનારના ઘાંટવડની કેનાલમાંથી મહાકાય મગરનું રેસ્ક્યુ

કોડીનાર,તા.૦૬

કોડીનાર તાલુકાના ઘાંટવડ ગામમાં આવેલી કેનાલમાંથી વન વિભાગની ટીમે વધુ એક મહાકાય મગરનું સફળ રેસ્ક્યુ કર્યું છે. છેલ્લા એક મહિનામાં આ વિસ્તારની કેનાલમાંથી ૧૦થી વધુ મગરો ઝડપાયા છે. વન વિભાગના જણાવ્યા મુજબ, વરસાદ ખેંચાતાં નદીઓમાં પાણી ઘટવાથી મગરો પાણીની શોધમાં વારંવાર કેનાલ તરફ આવી રહ્યા છે.


તસવીર : કૈલાશ ભટ્ટ

ચંદ્રમોલેશ્વર મંદિર પાછળ કેનાલમાં મગર દેખાતાં સ્થાનિકની જાણ બાદ ફોરેસ્ટર એમ.જી. દમણીયા, ગાર્ડ આર.વી. વાળા અને ટ્રેકર્સની ટીમે ગ્રામજનોના સહયોગથી તેને સલામત સ્થળે ખસેડ્યો હતો. આ ઉપરાંત સુગાળા ગામના નાળામાંથી પણ એક મહાકાય મગર પકડાયો હતો. સદ્નસીબે મગરો દ્વારા હજી સુધી કોઈ જાનહાનિ થઈ નથી. વન વિભાગે નાગરિકોને અપીલ કરી છે કે મગર દેખાતાં તેની નજીક જવા કે પકડવાના અખતરા કરવાને બદલે તાત્કાલિક વિભાગને જાણ કરવી.

**પ.ગુ.વિ.કું.લિ., વર્તુળ કચેરી, અમરેલી.**

PGVCL ટેન્ડર નોટીસ નં. ૨૫૦/એમકો–૧૩/૨૦૨૬ PGVCL

અમરેલી વર્તુળ કચેરી હેઠળ આવતી વિભાગીય કચેરીઓના જુદા જુદા કામો / માલ સામાન માટે સીલબંધ કવરમાં રજી.થી ભાવ મંગાવવામાં આવે છે. વધુ વિગત પી.જી.વી.સી.એલ.ની વેબસાઈટ WWW.PGVCL.COM અને http://pgvcl.nprocure.com ઉપરથી મળી શકશે.

ઉપરોક્ત કચેરી હેઠળના વીજગ્રાહકો માટે ભાવનગર ખાતે કાર્યરત ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્રમાં રજુઆત કરી શકે છે.

ગ્રાહક સુવિધા કેન્દ્રનો ટોલ ફ્રી નંબર = ૧૮૦૦-૨૩૩-૧૫૫૩૩૩ & ૧૯૧૨૨

અધિક્ષક ઈજનેર (સં. અને નિ.)

# અમરેલી તાલુકાના નાના માચીયાળા ગામે સિંહના ટોળાએ ત્રણ ગાયનો શિકાર કર્યો

અમરેલી,તા.૦૬

અમરેલી તાલુકાના રેવન્યુ વિસ્તારમાં સિંહોના આંટાફેરાથી ગ્રામજનોમાં ફફડાટ ફેલાયો છે. નાના માચીયાળા ગામના ભુપતભાઈ ખોડાભાઈ ભરવાડ બપોરના સમયે પોતાના માલઢોર સાથે મોટા માચીયાળા ગામની સીમ વિસ્તારમાં ગાયોને ચરાવી રહ્યા હતા. તે દરમિયાન અચાનક ત્રણથી ચાર સિંહોના ટોળાએ



ગાયો પર હુમલો કર્યો હતો. સિંહોના ટોળાએ ગાયોને નિશાન બનાવી હુમલો કરતાં ત્રણ ગાયનું ઘટનાસ્થળે જ મોત થયું હતું, જ્યારે એક ગાય ગંભીર રીતે ઘાયલ થઈ હતી. સિંહોના આ અચાનક હુમલાથી માલધારીમાં ભયનો માહોલ સર્જાયો હતો. રેવન્યુ વિસ્તારમાં સિંહોના સતત આંટાફેરા વધી રહ્યા હોવાથી પશુપાલકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે. બનાવની જાણ થતાં ગ્રામજનો દ્વારા સંબંધિત વનવિભાગને જાણ કરવામાં આવી હતી. સિંહોના આંટાફેરાને પગલે પશુપાલકો પોતાના માલઢોરને સીમ વિસ્તારમાં ચરાવવા લઈ જતાં પણ સાવચેતી રાખી રહ્યા છે.

# ભાવનગર-સોમનાથ હાઈવે પર બંધ ટ્રેલર પાછળ બોલેરો ઘૂસતા અલંગના ૬ કર્મચારીઓના મોત, એક ગંભીર

ભાવનગર,તા.૦૬

ભાવનગર- તળાજા- સોમનાથ નેશનલ હાઈવે પર તળાજા તાલુકાના ત્રાપજ ગામ નજીક આજે વહેલી સવારે એક અત્યંત કરુણ અને ગોઝારી માર્ગ દુર્ઘટના સર્જાઈ છે.

હાઈવે પર બંધ હાલતમાં ઉભેલા એક ટ્રેલર પાછળ પૂરપાટ ઝડપે આવી રહેલી બોલેરો કાર ધડાકાભેર ઘૂસી જતાં અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના ૬ કર્મચારીઓના ઘટનાસ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજ્યા છે, જ્યારે એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયો છે. આ ભયાનક અકસ્માતના દ્રશ્યો નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં પણ કેદ થઈ ગયા છે.

મળતી વિગતો અનુસાર, ભાવનગર-તળાજા-સોમનાથ નેશનલ હાઈવે પર આજે વહેલી સવારે બોલેરો કારમાં સવાર થઈને તમામ કર્મચારીઓ અલંગ શિપ બ્રેકિંગ યાર્ડના પ્લોટ નંબર ૨૪/બી અને પ્લોટ નંબર ૧૩૭ ખાતે પોતાની રોજિંદી નોકરી પર જઈ રહ્યા હતા. દરરોજની જેમ પોતાના કામકાજ અર્થે નીકળેલા આ શ્રમિકોને રસ્તામાં જ કાળ ભરખી ગયો હતો.



ત્રાપજ ગામ પાસે ટ્રેલરનો ચાલક પોતાનું વાહન રોડ પર ઉભું રાખીને નજીકમાં ચા-પાણી પીવા માટે ગયો હતો.

આ દરમિયાન પાછળથી પુરપાટ ઝડપે આવી રહેલી બોલેરો કાર બંધ ટ્રેલરના પાછળના ભાગમાં ધડાકાભેર અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ અને ભયાનક હતી કે બોલેરો કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો અને કારમાં સવાર લોકો અંદર જ સખત રીતે ફસાઈ ગયા હતા.

આ ભયાનક અકસ્માતનો મોટો અવાજ સાંભળીને આસપાસના સ્થાનિક રહીશો તથા હાઈવે પરથી પસાર થતા રાહદારીઓ તુરંત જ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.

આ દુર્ઘટનામાં બોલેરોમાં સવાર ૬ લોકોએ ઘટનાસ્થળે જ દમ તોડી દીધો હતો. મૃતકોની ઓળખ વિજયભાઈ, સાધુભાઈ, જીજ્ઞેશભાઈ, ભાર્ગવભાઈ, હિરેનભાઈ અને યોગેશભાઈ તરીકે થઈ છે.

આ દુર્ઘટનામાં જયેશભાઈ નામના એક વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થયા છે. તેમને તાત્કાલિક સ્થાનિક હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તેમની પ્રાથમિક સારવાર બાદ સ્થિતિ વધુ નાજુક જણાતા વધુ ખાનગી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યા છે.

ઘટનાની જાણ થતાં જ પોલીસનો કાફલો સ્થળ પર પહોંચી ગયો હતો. પોલીસે સ્થાનિકોની મદદથી મૃતદેહોને બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યા હતા.

આ મામલે પોલીસે અકસ્માતે મોતના ગુનો નોંધી આગળની કાયદાકીય તપાસ હાથ ધરી છે. અલંગના છ-છ કર્મચારીઓના એકસાથે અકાળે અવસાન થતાં તેમના પરિવારજનોમાં અરેરાટી સાથે ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

# રાજકોટ મનપાના દરોડામાં ૧૧૫ કિલો અખાદ્ય ખોરાકનો કરાયો નાશ



રાજકોટ,તા.૦૬

રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાએ શહેરના ૯૩ ખાદ્ય એકમો પર ચેકિંગ હાથ ધરી ૧૧૫ કિલો વાસી અને અખાદ્ય ખોરાકનો નાશ કર્યો હતો. સાથે જ રૂ.૨૭ હજારનો વહીવટી દંડ વસૂલ્યો હતો. સિવિલ હોસ્પિટલની કેન્ટીનમાંથી નમૂના લઈ નોટિસ પાઠવવામાં આવી હતી. મનપાની આ કડક કાર્યવાહીથી ખાણીપીણીના વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# ગુજરાતમાં ચોમાસાની વિદાય બાદ ૧૦ શહેરોમાં 'ઓક્ટોબર હીટ'નો પ્રકોપ

અમદાવાદ,તા.૦૬

ગુજરાતમાંથી ચોમાસાની સત્તાવાર વિદાય બાદ વાદળો હટતાં સૂર્યપ્રકાશ સીધો પડવાને કારણે દિવસના તાપમાનમાં ભારે વધારો નોંધાયો છે. રાજ્યના ૧૦ શહેરોમાં પારો ૩૫ ડિગ્રીને પાર પહોંચી ગયો છે, જેમાં રાજકોટ ૩૭.૬ ડિગ્રી સાથે સૌથી ગરમ શહેર રહ્યું છે. આ સિવાય સુરેન્દ્રનગર,



અમદાવાદ, ગાંધીનગર, વડોદરા અને સુરત સહિતના વિસ્તારોમાં પણ ગરમી વધી છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં વરસાદની કોઈ શક્યતા નથી. ચોમાસા પછી ભેજ ઘટતાં અને વાતાવરણ ચોખ્ખું થતાં દિવસ દરમિયાન ગરમી અને ઉકળાટ સાથે 'ઓક્ટોબર હીટ'ની અસર વરતાશે, જોકે સવારે અને મોડી રાત્રે રાહત રહેશે. બીજી તરફ, મુંબઈમાંથી પણ સામાન્ય સમય કરતાં વહેલી ચોમાસાની વિદાય થઈ ચૂકી છે.

# અમદાવાદના CTM ડબલ ડેકર બ્રિજ પરથી યુવકે ઝંપલાવતા ઘટનાસ્થળે મોત

અમદાવાદ,તા.૦૬

અમદાવાદના **CTM** ચાર રસ્તા પાસે આવેલા ડબલ ડેકર ઓવરબ્રિજ પરથી મંગળવારે સવારે એક અજાણ્યા યુવકે અચાનક નીચે ઝંપલાવતાં તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. બનાવની જાણ થતાં જ રામોલ પોલીસ અને ટ્રાફિક પોલીસનો કાફલો સ્થળ પર દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડી યુવકની ઓળખ મેળવવા તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે, **CTM** ડબલ ડેકર બ્રિજ પરથી છલાંગ લગાવવાની એક જ સપ્તાહમાં આ બીજી ઘટના સામે આવી છે. વારંવાર બનતા આવા બનાવોના પગલે સ્થાનિકોમાં ભારે ચિંતા વ્યાપી છે. સ્થાનિક રહીશોએ બ્રિજ પર સુરક્ષા જાળીની ઊંચાઈ વધારવા અને સુરક્ષા વ્યવસ્થા વધુ મજબૂત બનાવવાની કડક માંગ કરી છે.

# ગુજરાત ભાડા વિધેયક ૨૦૨૬ના વિરોધમાં વકીલોએ કર્યુ રાજ્યભરમાં ઉગ્ર પ્રદર્શન

અમદાવાદ,તા.૦૬

ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં રાજ્યભરના વકીલો દ્વારા ઉગ્ર આંદોલન ચલાવવામાં આવી રહ્યું છે. અમદાવાદ, જૂનાગઢ, સુરેન્દ્રનગર અને સાવલી સહિત વિવિધ શહેરોમાં વકીલોએ કોર્ટ કામગીરીથી અળગા રહી કાયદાની નકલો સળગાવી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. સાવલીમાં પોલીસે વકીલોને



સરકારનું પૂતળું સળગાવતાં રોકવાનો પ્રયાસ કર્યો હતો. વકીલોએ સ્પષ્ટ માંગ કરી છે કે ભાડા કરારના વિવાદો રેવન્યુ વિભાગ હેઠળ આપવાના બદલે ન્યાયાલયો પાસે જ રાખવામાં આવે, કારણ કે મામલતદાર અને કલેક્ટર પાસે કેસ જવાથી ન્યાયપ્રક્રિયા વિલંબિત થશે.સિટી સિવિલ એન્ડ સેશન્સ કોર્ટ બાર એશોસિએશનના પ્રમુખ જગત ચોકસી અને અન્ય અગ્રણીઓએ જણાવ્યું કે માત્ર મૌખિક આશ્વાસન પર્યાપ્ત નથી; સરકાર તરફથી લેખિત બાંહેધરી ન મળે ત્યાં સુધી લડત યથાવત રહેશે. સુરેન્દ્રનગરમાં વકીલોએ બાઈક રેલી કાઢી કલેક્ટર કચેરીનો રસ્તો ચક્કાજામ કર્યો હતો.

# અમદાવાદમાં બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ: રૂ.૧૦ લાખમાં બાળકનો સોદો કરનાર ૪ આરોપી ઝડપાયા

અમદાવાદ,તા.૦૬

અમદાવાદના ન્યૂ રાણીપ વિસ્તારમાંથી ૩૭ દિવસના બાળકની ચોરીના ચકચારી કેસમાં ક્રાઈમ બ્રાન્ચે બાળ તસ્કરી રેકેટનો પર્દાફાશ કર્યો છે. પોલીસે એક યુવતી, બે સગીર અને ઉત્તર પ્રદેશના એક યુવક સહિત ચાર આરોપીઓને ઝડપી લીધા છે.





૨ ઓક્ટોબરે ફૂટપાથ પરથી ચોરાયેલું બાળક ૩ ઓક્ટોબરે રાણીપ તળાવ નજીકથી સુરક્ષિત મળી આવ્યું હતું. સીસીટીવી ફૂટેજના આધારે પોલીસે શંકાસ્પદ યુવતીની અટકાયત કરી પૂછપરછ કરતાં સમગ્ર આંતરરાજ્ય રેકેટ બહાર આવ્યું હતું.

તપાસમાં ખુલાસો થયો છે કે આરોપીઓ બાળકને રૂ. ૧૦ લાખમાં ઉત્તર પ્રદેશના એક નિઃસંતાન દંપતીને વેચવાની તૈયારીમાં હતા. હાલ પોલીસ આ કેસમાં સંડોવાયેલા વચેટિયાઓ અને નાણાકીય લેવડદેવડ અંગે વધુ તપાસ ચલાવી રહી છે.

# દાહોદ: સિવિલ હોસ્પિટલના વર્ગ-૧ ડોક્ટર રૂ.૪૦ હજારની લાંચ લેતાં ACBના છટકામાં ઝડપાયા

દાહોદ,તા.૦૬

દાહોદ જિલ્લાના દેવગઢબારિયા ખાતે આવેલી જે.એસ.ચૌહાણ સિવિલ હોસ્પિટલના વર્ગ-૧ના તબીબી અધિક્ષક ડો. રહીમભાઈ ઈબ્રાહમભાઈ મેમણ રૂ. ૪૦,૦૦૦ની લાંચ લેતા ગાંધીનગર એસીબીના છટકામાં રંગેહાથ ઝડપાઈ ગયા છે.

ડિસ્ટ્રિક્ટ રેસિડેન્સી પ્રોગ્રામ



હેઠળ હોસ્પિટલમાં ફરજ બજાવતા ૮ તબીબી વિદ્યાર્થીઓને સારી ડ્યુટી આપવા અને હેરાન ન કરવા માટે ડોક્ટરે પ્રતિ વિદ્યાર્થી રૂ.૫,૦૦૦ લેખે લાંચ માગી હતી. વિદ્યાર્થીઓએ એસીબીનો સંપર્ક કરતા, એસીબીની ટીમે ૫ ઓક્ટોબરે સરકારી ક્વોટર્સ ખાતે છટકું ગોઠવ્યું હતું. રૂ. ૪૦,૦૦૦ની લાંચ સ્વીકારતા જ એસીબીએ તેમને દબોચી લીધા હતા અને વર્ગ-૧ના અધિકારી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વલસાડમાં પ્રાથમિક શાળાના આચાર્યએ ઓનલાઈન કામગીરીના ભારણથી જીવન ટૂંકાવ્યું

વલસાડ,તા.૦૬

વલસાડ જિલ્લાના કપરાડા તાલુકાના નિલોશી ગામની પ્રાથમિક શાળાના આચાર્ય શંકર જાધવે આપઘાત કરી લેતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક માહિતી મુજબ, તેઓ છેલ્લા કેટલાક સમયથી શાળાની ઓનલાઈન કામગીરીના અતિશય ભારણને કારણે ભારે તણાવમાં હતા. ઘટનાની જાણ થતાં જ કપરાડા પોલીસ ઘટનાસ્થળે



પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડ્યો હતો. પોલીસે સ્થળ પરથી સ્યુસાઈડ નોટ કબજે કરીને આપઘાતનું ચોક્કસ કારણ જાણવા આગળની કાયદેસરની તપાસ શરૂ કરી છે.

# રાજકોટમાં નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના નેતૃત્વની અનોખી ઉજવણી: ભારતના નકશાની ૪૦ હજાર ચોરસ ફૂટની માનવ સાંકળ

રાજકોટ,તા.૦૬

રાજકોટ શહેર ભાજપ દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ૨૫ વર્ષના સેવા, સુશાસન અને સમર્પણની સફરની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. રેસકોર્સ ગ્રાઉન્ડ ખાતે ૪૦ હજાર ચોરસ ફૂટ વિસ્તારમાં ભારતના નકશા આકારની વિશાળ માનવ સાંકળ રચવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં ૧૫૦૦થી વધુ શાળા-કોલેજના વિદ્યાર્થીઓએ ત્રિરંગા વસ્ત્રો પહેરીને ભાગ લીધો હતો. આ ઉપરાંત, ૮૦ ફૂટના સર્કલમાં અનાજ, કઠોળ અને બાંધણીનો ઉપયોગ કરીને



સૌરાષ્ટ્રની સંસ્કૃતિ દર્શાવતી પ્રાકૃતિક રંગોળી તૈયાર કરાઈ હતી. આ પ્રસંગે રાજ્ય મંત્રી રિવાબા જાડેજા અને મેયર નેહલ શુક્લા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.








